2005-07-14

ગુજરાત સમાચાર (સુરત આવૃત્તિ) ૫

## આજે તાપી માતાનો જન્મ દિવસ

# તાપીને મેલી કરવામાં શહેરીજનોએ કોઈ કચાસ બાકી રાખી નથી

(પ્રતિનિધિ દ્વારા) સુરત, બુધવાર


પુરાણ કાળમાં જેના ગુણગાન ગાવામાં આવતાં હતા તે તાપી નદી હવે મેલી થતી જાય છે. આવતીકાલે સૂર્યપુત્રી તાપીનો જન્મ દિવસ છે, પાલિકાના તંત્ર સાથે લોકો તાપી માતાની પૂજા અર્ચના કરશે. વર્ષમાં એક વાર જ તાપી માતાનું પુજન કરનારા શહેરીજનોએ તાપી પ્રદુષિત કરવામાં કોઈ કચાસ બાકી રાખી નથી. તેથી શહેરની ત્રીસ લાખની વસતિને પાણી પુરૂ પાડતી તાપીનું પાણીમાં હવે સમસ્યાઓ ઊભી થઈ રહી છે.

પુરાણકાળમાં તાપીની ઉંમર ૨૧ હજાર વર્ષ આંકવામાં આવી રહી છે, જે દેશની અન્ય નદીઓ કરતાં ઘણી વધારે છે. મધ્યપ્રદેશના મુલતાઈથી નીકળતી તાપી નદી ૭૫૦ કિલોમીટરનું અંતર કાપે છે. મધ્યપ્રદેશમાં થઈ ગુજરાતમાં પ્રવેશ્યા બાદ તાપીમાં ભારે માત્રામાં પ્રદુષણ ઠાલવવામાં આવી રહ્યું છે. ગુજરાત ગૌરવ દિવસે ડક્કા ઓવારા ખાતેથી હજારો દિવા નદીમાં તરતા મુક્યાં હતા. સરકાર આ માટે ભલે ગૌરવ લેતી હશે પરંતુ આનાથી તાપીમાં અનેક ગણું પ્રદુષણ વધ્યું હતું.

તાપી પ્રદુષિત થવા અંગેના કારણો અંગે જણાવતા જાણીતા હવામાન શાસ્ત્રી શ્રી મહેશ દેસાઈ જણાવે છે, તાપી નદી બારમાસી નદી નથી, પણ ચોમાસાના પાણી પર આધારિત નદી છે. ઉનાળા દરમિયાન તાપીમાં ભરતીનું પાણી આવતું હતું અને તટ સાંકળો હોવાના કારણે ભરતી કઠોર સુધી જતી હતી. રેલ બાદ તાપીનો તટ પહોળો થયો અને રેતી કાઢવાની પ્રવૃત્તિના કારણે ઉંડો થતાં ભરતીના પાણી પણ રોકાય છે. ઉપરાંત વિયરના ઉપરવાસથી માંડવી સુધી અનેક ગામડાનું ગંદુ પાણી તાપીમાં ઠલવાઈ છે. સાથે સાથે નદી કિનારે સ્મશાન અને મંદિરમાંથી ફૂલ ફેંકવામાં આવે છે. આ કચરાના કારણે કહોવાઈ જાય છે અને તેમાંથી અન્ય વનસ્પિતિઓ પેદા થઈ નદીના પટમાં પથરાઈ જાય છે. આની નીચે જીવ જંતઓનો ઉછેર થાય છે અને તે સીધી ઈન્ટેકવેલમાં આવી જાય છે. ક્લોરિનેશનના કારણે જીવાતો તો મરી જાય છે, પણ તેના ઈંડા અનેક સમસ્યાઓ ઊભી કરે છે.

તેઓ વધુમાં કહે છે, ઉધનાની ખાડીમાં ઠલવાતો કેમિકલ વેસ્ટનું પાણી મીંઢોળામાં જાય છે અને દરિયમાં મળતાં પહેલાં મીંઢોળાનું મુખ તાપીના મુખ કરતાં આગળ છે તેથી દરિયાનું ભરતીના પાણીમાં કેમિકલ વેસ્ટ આવે છે અને તે કિનારા પર અટકી જાય છે.

શહેરના સાગર ખેડુ શ્રી નટુભાઈ નાતાલી કહે છે, લોકોની ધાર્મિક માન્યતાના કારણે તાપી વધુ ગંદી થઈ રહી છે. દરરોજ લોકો ઘરની પુજાનો સમાન અન્ય અન્ય કચરો કચરાપેટીમાં ફેંકવાની જગ્યાએ તાપીમાં પધરાવે છે. પ્લાસ્ટીકની થેલીમાં નાંખવામાં આવેલો આ કચરો નદીમાં સમાઈ જાય છે. તેમાંથી પ્લાસ્ટીકની થેલી જમા થઈ જાય છે તેથી પાણીનું તર નીચે જતાં અટકે છે. ઉપરાંત કેટલાક લોકોએ સ્ટ્રોમ ડ્રેનેજમાં ગેરકાયદે ગટરના જોડાણો જોડ્યા છે તેથી નાનપુરા મક્કાઈપુલ અને સરદાર બ્રિજના બન્ને છેડે કેટલીક વાર ગંદકી જોવા મળે છે.



**મેલી તાપી** શહેરીજનો આજે તાપી માતાનું પુજન કરી પોતાની ફરજ પૂર્ણ કરી હોવાનો સંતોષ માને છે. પરંતુ રોજે રોજ હજારો કિલો ફુલ અને અન્ય કચરો તથા ગદુ પાણી તાપીમાં છોડી શહેરીજનોએ તાપીને મેલી કરવામાં કોઈ કસર છોડી નથી. એક દિવસના તાપી પુજનની જગ્યાએ તાપીમાં કચરો ન નાંખી તાપી માતાની કાયમી પુજા કરી શકાય છે. (તસ્વીરઃ દિલીપ રામશા)

## પૂજાનો અન્ય કચરો કચરાપેટીમાં ફેંકવાના બદલે તાપીનદીમાં પધરાવવામાં આવે છે

2005-07-24

# ખાડીના પ્રવાહને વાળવાના નરોત્તમ પટેલે અધિકારીઓને ધોળા દિવસે સપના બતાવ્યા

સુરત, શનિવાર: ખાડીપૂરની સમસ્યાના નિવારણ માટે સિંચાઈ વિભાગની મીટીંગમાં વિવિધ ચર્ચાઓ થઈ હતી. જેંમાં સરથાણાથી ૩ કિ.મી.નો નવો રૂટ બનાવી આ પ્રવાહને સીધો તાપી નદીમાં જોડી દેવા ઉપરાંત ખજોદથી ડાયવર્ઝન આપીને ખાડીનાં પાણીને સીધું જ દરિયામાં ઠાલવવા અંગે પ્રાથમિક ધોરણે વિચારણા થઈ હતી.

## સરથાણાથી ત્રણ કિ. મી. અને દરિયા નજીક ખજોદથી વહેણ બદલવાથી ખાડીના પાણી છલકાતા કાયમ માટે બંધ થઈ જશે

ખજોદથી ડાયવર્ઝન આપ્યા બાદ દરિયા નજીક ખારલેન્ડ પર મોટું તળાવ બનાવીને એમાં ખાડીના વધારાના પ્રેશરને વાળી પ્રેશર ઓછું કરવા અંગે વિચારણા થઈ છે. ખાડી પૂરનાં પાણી ઉતરતા બે-ત્રણ 'દિ લાગતા હોવાથી આ તળાવમાં બે દિવસ ખાડીના વધારાના પાણી પ્રવાહને સ્ટોર કરી રાખવામાં આવશે. ત્યારબાદ આ પાણીને વળી નવા રૂટ મારફત દરિયામા ઠાલવી દેવામા આવશે. ક્લેકટર વત્સલા મેડમે પણ ખારલેન્ડની

(સાંધણ પાના નવ પર)

### ખાડીના પ્રવાહને વાળવાના

(સાંધણ પાના છેલ્લાનું)

જમીન ખાલી હોય તો આ તળાવની કામગીરી માટે સંમતિ આપી હતી.

આ રીતે પ્રવાહ વાળવાથી પાળાઓ ઉપર પણ પાણી પ્રવાહનું પ્રેશર ઘટશે. વધુમાં સીમાડા થઈ શહેરમાંથી પસાર થતી વરાછા ખાડીની વહન ક્ષમતા ૧૦૦૦ કયુસેક છે. જેમાં કાંમરેજ, પલસાણા સહિત ઉપરવાસમાં ભારે વરસાદ હોય તો 3000 કયુ. પાણીનો આવરો રહે છે. આ ખાડીની વહન ક્ષમતા ડીસીલ્ટીંગ કરીને ૧૫૦૦ કયુ. કરવા અંગે પણ ચક્રો ગતિમાન કરવા નિર્દેશો અપાયા છે.

સિંચાઈ વિભાગને આ મુદ્દે સૂચનાઓ જારી થઈ છે કે ખાડીનો પ્રશ્ન હલ કરવા ડીસીલ્ટીંગ કરવા ઉપરાંત એની વહન ક્ષમતા વધારવા માટે માર્ગમાં આવતા અવરોધો, દબાણો દૂર કરી દેવા.

ઉલ્લેખનીય છે કે ખાડી પરના દબાણો દૂર કરવા જનાર મનપા તંત્રને અગાઉ નરોત્તમ પટેલની સૂચનાથી જ અટકવું પડ્યું હતું.

2005-07-27

WEDNESDAY, 27 JULY 2005

# તાપીના પટમાંથી રેતી ઉલેચવા પરની પાબંદી હટાવવા હિલચાલ

**વિયરના ઉપરવાસમાં ૨૧ કિ.મી. સુધીની આ પાબંદી ૨૦૦૦માં લદાઈ છે : રેતીના લિઝ નવેસર આપવાની ફિઝિબિલિટી 'ગેરી' તપાસશે**

(પ્રતિનિધિ) સુરત,તા.૨૬

તાપીના કાંઠાઓ, વિયરના બાંધકામ અને વોટર વર્કસના સંચાલન માટે જોખમરુપ ઠરતા રેતી ઉલેચવાના ઈજારામાં મહાપાલિકાએ સરકાર સમક્ષ રજૂઆતોના દોર ચલાવી... ચલાવીને વિયરના ઉપરવાસમાં ૨૧ કિલોમીટર સુધીના નદીના પટમાં આ કામગીરી પર પાબંદી લદાવી: હવે સરકાર સ્વયં ૨૦૦૦ની સાલમાં લાદવામાં આવેલી એ પાબંદીને હટાવવા પ્રયત્નશીલ થઈ હોવાના મળતા અણસાર છે.

રેતીના લીઝધારકો હેવી ડ્યુટીના સક્શન પમ્પ ઉપયોગે લઈને જે રીતે વિયરના ડાઉન સ્ટ્રીમ અને અપ સ્ટ્રીમમાં આડેધડ રેતી ઊલેચતા ચાલ્યા હતા. તેથી બોરવાડા- સીંગણપોર વચ્ચેના વિયરની જ જો વાત કરીએ તો રેતીના થરના થર ઉલેચાઈ જતા, વિયરના તળિયે સંભવેલું પોલાણ મહાપાલિકાને લાખો નહિ બલકે કરોડોનો ખર્ચ કરાવતા ગેબિયન (મસમોટા સળિયાના જિયો નેટથી બાંધેલા ચોસલા) તેમાં પાથરવાનો પણ વારો આવ્યો હતો. આ વિયરને સ્વખર્ચે બાંધી આપનાર હઈઆ (હજીરા એરિયા ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન) પાસેથી તેના થતા આ નિભાવ ખર્ચમાં મહાપાલિકાએ પરાણે હિસ્સેદારી વાંછવી પડી હતી.

હેવી ડ્યુટીના સક્શન પમ્પ સેટ માત્ર રેતીના થરને સક કરીને એકઠા કરતા નથી. તેના થતા સતત વાયબ્રેશનના કારણે રેતીના થર નીચેની માટીનું પડ પણ તેની અસર પામી, નદીના પટને હલબલાવતું હોવાથી, કાંઠાઓને પણ તેની માઠી અસર વેઠવાની થાય છે.'

સિટી એન્જિનિયર બલ્લુ દેસાઈએ તત્કાલીન કમિશનર ગુરુપ્રસાદ મહાપાત્ર અને તત્કાલીન એડમિનિસ્ટ્રેટર અશોક ભાટિયા સમક્ષ તારસ્વરે રજૂઆત કરીને તાપીના તટ અને પટને જોખમ પહોંચાડતી રેતી ઉલેચવાની કામગીરી પર પાબંદી મુકવાની માગણી કરી હતી.

તત્કાલીન એડમિનિસ્ટ્રેટર અશોક ભાટિયાના આદેશના પગલે ગાંધીનગરથી આવેલી સિંચાઈ વિભાગીય એન્જિનિયરોની ટીમએ વિયરના અપ સ્ટ્રીમમાં નૌકા વિહાર કરીને સમગ્ર સ્થિતિને નાણી, જાણી હતી.

પછીથી, મેયર તરીકેના અજયકુમાર ચોક્સીના કાર્યકાળમાં વિયરના અપસ્ટ્રીમમાં ૨૧ રનીંગ કિલોમીટર સુધીના રેતી ઉલેચવાના લીઝ આપવા પર પાબંદી ફરમાવી દેવાઈ.

સાલ ૨૦૦૦ના આ ઘટનાક્રમના પગલે મતલબ પરસ્ત લીઝધારકો કઠોરથી લઇને શામપુરા સુધીના તાપીના પટમાં રેતી ઉલેચતા થયા છે.

તાપી પરના મુંબઇ- અમદાવાદ નેશનલ હાઈ વે અને તેની નજીકના ઓએનજીસી (ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન)ના ઈનટેક વેલને તેની માઠી અસર થવાની આપવામાં આવેલી ચેતવણીને ભૂસ્તર વિભાગ કે પછી સરકારના સિંચાઈ મંત્રાલયએ ગણકારી નહિ.

આજે આ જ કારણે આંબોલીના ગામ કાંઠા પરનો ઓએનજીસીનો ઇનટેક વેલ આસપાસના કાંઠાની જમીન ધસી પડવાથી જોખમી બન્યો છે.

કામરેજના નદી કાંઠે પણ તેની જોખમી અસર વર્તાઈ હોવા છતાં કઠોરથી માંડીને શામપુરા સુધીના તાપીના પટમાં રેતી ઉલેચવાનો ધંધો બે રોકટોક જારી છે.

હવે આવક મેળવવાના ઈરાદાથી કે મામકાઓના મમતને પોષવાના રાજકીય કારણથી તાપીના વિયરના અપ સ્ટ્રીમમાં ૨૧ રનીંગ કિલોમીટરના પટમાં રેતીના લીઝ આપી શકાય કે કેમ? તે માટેની ફિઝિબિલિટી ચકાસવાની કામગીરી ગુજરાત એન્જિનિયરીંગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ 'જીઈઆરઆઈ' (ગેરી)ને સોંપવામાં આવી છે.

મહાપાલિકાના કર્ણધારોને જો શહેરહિતની તલભાર પણ તમા હશે તો તેમનો વિરોધ ઊઠશે. બાકી, નહિતર ફરી હોડકાઓમાં કે રીતસરના ગેરકાયદે પૂલો બાંધીને રેતીના થર પર થર ઊલેચવાનો ધંધો વિયરની આસપાસમાં જામવાનો છે. 'હાઈઆ'ને પણ તેની જાણકારી હોય તો પણ તેનો અવાજ આજ દિન સુધી ઊઠયો નથી.

2005-08-06

Flood 2

# કલેકટરે ઉકાઈના મેન્યુઅલનો અભ્યાસ કર્યો હોત, તો બેઠક બોલાવવાની જરૂર જ નહોતી!

સુરત, શનિવાર : સ્થાનિક કક્ષાએ કોઈ ભલે ગમે તે કહે પરંતુ રાજ્ય સરકારના ખેતીવાડી મંત્રાલય દ્વારા હુકમ કરવામાં નહી આવે ત્યાં સુધી ઉકાઈ જળાશયમાં એક ટીપુ પાણ પાણી છોડવાનો કાર્યપાલક ઈજનેરે સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો.

ઈજનેરના કહેવા મુજબ નક્કી કરાયેલા મેન્યુઅલ મુજબ આજની (૬-૮-૦૫) તારીખે ઉકાઈની સપાટી ખરેખર ૩૩૪ ફુટ હોવી જોઈએ પરંતુ વાસ્તવિક સપાટી ૩૨૬ ફુટ છે. એટલે કે મેન્યુઅલ મુજબ ઉકાઈની સપાટીમાં ખરેખર સાત ફુટ ઓછી છે.

ઉકાઈ જળાશયના નક્કી કરાયેલા મેન્યુઅલ જોયા પછી કલેક્ટર વત્સલા મેડમે બેઠક બોલાવવાની જરૂર નહોતી તેમ છતાં વણજોઈતો વિવાદ ઉભો કરીને વત્સલા મેડમ પોતે પણ લોકોમાં ચર્ચાનો વિષય બન્યા છે અને હવે આવતીકાલે રવિવારની બેઠક પણ રદ કરીને ટાળવાના પ્રયાસો કર્યા હોય એમ જણાઈ આવે છે.

નક્કી કરવામાં આવેલા મેન્યુલ મુજબ ઉકાઈ જળાશયની સપાટી ૧લી ઓગષ્ટે ૩૩૩ ફૂટ, ૧લી સપ્ટેમ્બર ૩૪૦ ફૂટ, ૧લી ઓક્ટોબરે ૩૪૫ ફૂટ સુધી જાળવી

(સાંધણ પાના નવ પર)

## મેન્યુઅલ મુજબ ૧લી ઓગસ્ટે ૩૩૩ ફુટ, ૧લી સપ્ટેમ્બરે ૩૪૦ ફુટ અને ૧લી ઓક્ટોબરે ૩૪૫ ફુટ સુધી સપાટી જાળવી શકાય

2005-08-12

### યુદ્ધના ધોરણે ટુંકી-વેડના પાળા રીપેરીંગ કરાશે

# ટેન્ડરો વિના પાળા રીપેરીંગનું ૧૮.૫૧ લાખનું ટેન્ડર મંજૂર

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

પાલિકાની સ્થાયી સમિતિ તથા જનરલ બોર્ડમાં કોંગ્રેસને છેલ્લા ૨ વર્ષથી ટુંકી-વેડ ગામના તાપી નદીના પાળા નિર્માણ- રીપેરીંગ અંગે હંફાવતા ભાજપ શાસકોએ આજે આ પાળાઓનું કામચલાઉ રીપેરીંગ કરવાનો નિર્ણય ટેન્ડરો બહાર પાડયા વિના લીધો છે.

## કોંગ્રેસને ૨ વર્ષથી હંફાવતા ભાજપ શાસકોએ સ્થાયીમાં ચુપકીદી સેવી લીધેલો નિર્ણય

ઉકાઇ બંધની સપાટી વધતાં તથા શાસનના અંતિમ દિવસોમાં તાપી નદીમાં પૂર આવે અને પાણી શહેરમાં પ્રવેશે તે પહેલાં ભાજપ શાસકોએ ઉપરોત નિર્ણય લેવો પડયો છે. ભાજપ શાસકોએ આજની સ્થાયી સમિતિમાં વધારાના કામ તરીકે ટેંન્ડરો મંગાવ્યા વિના સુરતની સોનલ કન્સ્ટ્રકશન કું.ને ૧૮.૫૧ લાખ રૂા.નું કામ સોંપી દીધું છે. ૩૯ ટકા ઉંચા ભાવનું ટેન્ડર કામચલાઉ ધોરણે પૂર સંરક્ષણ યોજના હેઠળ મંજુર કરાયું હતું.ઉકાઇ બંધની વધી રહેલી સપાટી સામે તાપી નદીમાં પૂર આવે તે પહેલાં કોંગ્રેસનો વિરોધ ટાળવા ભાજપ શાસકો પાળા રીપેરીંગ શરૂ કરવા તત્પર બન્યા છે. ટેન્ડરની પ્રક્રિયા હાથ ધર્યા વિના પાળા રીપેરીંગનું કામ ઈજારદાર સોનલ કન્સ્ટ્રકશન કું.ને રૂા. ૧૩.૩૨ લાખથી ૩૯ ટકા ઉંચા ભાવે એટલે કે રૂા. ૧૮.૫૧ લાખના ખર્ચે સુપ્રત કરવાનો નિર્ણય ભાજપ શાસકોએ કોંગ્રેસની સંમતિથી લીધો છે.

## ઉકાઇ ડેમની સપાટી ૩૩૨.૧૬ ફુટ

12/08/2005

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

સુરત જિલ્લામાં વિતેલા ૨૪ કલાક દરમ્યાન સોનગઢમાં ૧.૭૨ ઈંચ અને વ્યારામાં ૧.૩૨ ઈંચ વરસાદ સહિત સમગ્ર તાલુકામાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલો મળ્યા છે.જયારે ઉકાઇ ડેમની સપાટીમાં આજે સામાન્ય વધારો થતા રાત્રીના ૯ કલાકે ૩૩૨.૧૬ ફુટ નોંધાઇ હતી.

2005-08-12

# કોઝવેથી કઠોર સુધી તાપી નદીમાંથી રેતી કાઢવાની મનાઈ: જાહેરનામાથી ફફડાટ

**મનપા, કલેક્ટરાલય અને ખાણ-ખનિજ વિભાગની રજૂઆતનો પડઘોઃ તાપીનું પ્રદૂષણ ઘટાડવા માટે રાજ્ય સરકારે બહાર પાડેલુ જાહેરનામુઃ અબ્રામા, ભાદા, ખોલવડ, આંબોલી, કઠોરની ૩૦થી વધુ લીઝો સકંજામાં**

(પ્રતિનિધિ) સૂરત,તા.૧૧

તાપી નદીમાંથી રેતી કાઢવાનો પરવાનો ધરાવતા લીઝધારકો ઉપર વજ્રાઘાત થાય એવું સરકારે જાહેરનામું બહાર પાડી સિંગણપોર કોઝ-વેથી ૩૦ કિલોમીટર સુધીના વિસ્તારમાંથી રેતી કાઢવાની મનાઈ ફરમાવતું જાહેરનામું બહાર પાડયું હોવાની ચોંકાવનારી માહિતી પ્રાપ્ત થઈ છે.

અત્યંત આધારભૂત સાધનો દ્વારા ઉપલબ્ધ થયેલી વિગતો અનુસાર તાપી નદીને પ્રદૂષણ મુક્ત કરવાં સંદર્ભે સૂરત મહાનગરપાલિકા, ખાણખનિજ વિભાગ ઉપરાંત કલેકટરાલય દ્વારા ભૂતકાળમાં રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. તાપી નદીમાં પાળા બનાવાતા આડબંધના કારણે તાપી નદીના વહેણ ઉપર અસર થતા પ્રદૂષણ સર્જાતુ અટકાવવા અગાઉ ખાસ્સો હોબાળો થયો હતો જેના પડઘા હવે પડયા છે. રાજ્ય સરકારના ખાણ ખનિજ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા અનુસાર સિંગણપોર કોઝ-વેથી ૩૦ કિલોમીટર ઉપરવાસમાં આવેલા એરિયા સુધી તાપી નદીમાંથી રેતી કાઢવા ઉપર પાબંધી મૂકવામાં આવી છે. જેના કારણે અબ્રામા, ભાદા, ખોલવડ, આંબોલી તેમજ કઠોર સુધી હવે લીઝધારકો રેતી કાઢી શકશે નહિં એવું સાધનો દ્વારા જાણમાં આવ્યું છે. અગાઉ માત્ર ૨૧ કિલોમીટર સુધીના જ વિસ્તારમાં સરકારનો પ્રતિબંધ હતો હવે તેમા બીજા ૯ કિલોમીટરનો વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે ૩૦ કરતા વધુ લીઝ ધારકોના પેટ ઉપર સરકારના આ જાહેરનામાથી કરારી લાત પડી છે. સંભવતઃ સરકારના આ જાહેરનામાને અસરગ્રસ્ત લીઝધારકો દ્વારા કાયદાની અદાલતમાં પડકારવામાં આવે એવું પણ સાધનો દ્વારા અભિવ્યક્ત થયું છે. અલબત્ત, હાલ તો સરકારના જાહેરનામાના પગલે સંબંધકર્તા લીઝ ધારકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

2005-08-12



# કોઝ-વેની ઉપરવાસના તાપીના આઠ કિ.મી. વિસ્તારમાં રેતી કાઢવા ઉપર પ્રતિબંધ લદાયો

(ગુજરાતમિત્રનાં પ્રતિનિધિ દ્વારા)

સુરત, ગુરૂવારઃ તાપી નદીમાં વધતા જતાં પાણીનાં પ્રદુષણને અટકાવવા માટે રાજ્ય સરકારે કોઝ-વેનાં ઉપરવાસમાં વધુ આઠ કિલોમીટર વિસ્તારમાંથી રેતી કાઢવા પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ જાહેર કર્યુ. આ જાહેરનામાનાં પગલે અબ્રામાં, ભાદાં, ખોલવડ, કઠોર અને આંબોલી ગામમાં ચાલતી અંદાજીત ૩૦ જેટલી રેતીની લીઝો બંધ થઈ ગઈ. હવે કોઝ-વેનાં ઉપરવાસનાં ૩૦ કિ.મી. વિસ્તારમાંથી રેતી કાઢી શકાશે નહીં.

## તાપીકાંઠાના અબ્રામા, ભાદા, ખોલવડ, કઠોર, આંબોલ સહિતના વિસ્તારમાં ધમધમતી લગભગ ત્રીસ જેટલી લીઝ બંધ થઈ જશે

શહેરનાં સીંગણપોર અને રાંદેર વિસ્તારને જોડતો તાપી નદી ઉપર વિયર કમ કોઝ-વે મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવ્યો હતો. કોઝ-વેનું નિર્માણ થયા બાદ તેના ઉપરવાસનાં વિસ્તારોમાં રેતી કાઢવાનો વ્યવસાય વધી ગયો હતો. વધુ પ્રમાણમાં આ વિસ્તારમાંથી રેતી કાઢવાનાં પગલે કોઝ-વેનાં સ્ટ્રક્ચરને નુકશાન થવાની શરૂઆત થઈ સાથે સાથે પાળાને પણ નુકશાન થયું અને પાણીનું પ્રદુષણ પણ વધી ગયુ હતુ. આ ઉપરાંત કઠોર ખાતે આવેલ નેશનલ હાઈવેનાં પુલનાં પીલરને પણ નુકશાન થવાની શરૂઆત થઈ ગઈ હતી.

આ બધા પરીબળો ધ્યાનમાં લઈને જિલ્લા કલેક્ટરે કોઝ-વેનાં ઉપરવાસનાં વિસ્તારોમાં રેતી ન કાઢવા માટે પ્રતિબંધ મુકવા માટે દરખાસ્ત કરી હતી. આ દરખાસ્ત ધ્યાનમાં રાખી અંદાજીત સાત વર્ષ અગાઉ રાજ્ય સરકારે કોઝ-વેનાં ઉપરવાસનાં ૨૨ કિ.મી. વિસ્તાર તથા ડાઉનનાં એક કિ.મી. વિસ્તારમાં રેતી કાઢવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ જાહેર કર્યુ હતું.

ત્યાર બાદ આ પ્રતિબંધીત વિસ્તાર બાદ વધુ પ્રમાણમાં હાલમાં રેતી કાઢવામાં આવી રહી હતી. જેનાં પગલે કઠોર ખાતેનાં હાઈવે પરનાં પુલનાં પીલરને ભારે નુકશાન શરૂ થયુ હતું. પાળા નીચેની રેતી ખેંચાતા પાળા પણ નબળા થયા હતા. આ લીઝોને કારણે પાણીનાં વહેણમાં પણ અવરોધ ઉભો થયો હતો. જેનાં પગલે પાણીનું પ્રદુષણ વધી ગયું હતું. લોક હિતમાં વધતા જતાં પાણીનાં પ્રદુષણને અટકાવવા માટે જિલ્લા કલેક્ટરે પ્રતિબંધીત વિસ્તાર વધુ આઠ કિલોમીટર સુધી લંબાવવા માટે રાજ્ય સરકારને દરખાસ્ત કરી હતી.

જિલ્લા કલેક્ટરની દરખાસ્તનાં આધારે રાજ્યનાં ખાણ અને ખનીજ વિભાગ દ્વારા ગુપ્ત રાહે તપાસ કરાવી અંતે હાલમાં વધુ આઠ કિલોમીટરનાં વિસ્તારમાંથી રેતી કાઢવા માટે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું જાહેર કર્યું. હવે વિયર કમ કઝવેથી કઠોર ખાતે આવેલ નેશનલ હાઈવે પરનાં પુલ સુધીનાં ૩૦ કિ.મી. વિસ્તારમાંથી રેતી કાઢવામાં આવશે નહિ.

રાજ્ય સરકારનાં આદેશ મુજબ આ જાહેરનામાનો તુરંત અમલ થતાં અબ્રામા, ભાદ, ખોલવડ, કઠોર અને આંબોલી ગામમાં ચાલતી તમામ રેતીની લીઝો બંધ થઈ ગઈ હતી. લીઝો રદ થતા હવે તેના અનુસંધાનમાં ચાલતા તમામ કોર્ટ કેસો અને અન્ય અરજીઓની તપાસ પણ રદ થશે.

2005-08-12

ગેરકાયદે લીઝની પરવાનગી મેળવવામાં કથિત ગેરરીતિ સંદર્ભે

# જનકસિંહ ચાવડા સહિત અન્ય બાર વ્યક્તિઓ સામે હાઈકોર્ટની નોટીસ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરુવાર

કામરેજ તાલુકાના ભાદા તથા ખોલવડનાં તાપી તટે લીઝધારકોની રિન્યુલ અરજી પડતર હોવા છતાં જાહેરનામુ બહાર પાડ્યા વિના ગેરરીતિ આચરવાના આક્ષેપો અંગે હાઈકોર્ટમાં થયેલી રીટના અનુસંધાને લીઝની પરવાનગી મેળવનાર લીઝધારક જનકસિંહ ચાવડા સહિત ૧૨ વ્યક્તિઓ ઉપરાંત સુરત કલેકટર, ભુસ્તરશાસ્ત્રી તથા ઉધોગ તથા ખાણખનિજખાતાના સચિવને હાઈકોર્ટે શો કોઝ નોટીસ પાઠવી હોવાની વિગતો સાંપડી છે.

## ભાદા-ખોલવડની રિન્યુલ લિઝના મુદ્દે કલેકટરેટ તથા ભૂસ્તરખાતાના અધિકારીઓ પણ ભેરવાયા

પ્રાપ્ત વિગતો અનુસાર કામરેજ તાલુકાના ભાદા તથા ખોલવડ ગામની તાપી તટે આવેલી રેતીની લીઝધારકોની રિન્યુલ અરજી વર્ષોથી પડતર હોવા છતાં સરકારી નિયમ મુજબ જાહેરનામુ બહાર પાડ્યા વિના આપવામાં આવેલી લીઝની પરવાનગી સંદર્ભે સુરત કલેકટર, ખાણખનિજ ખાતાના અધિકારીઓના મેળાપિપણામાં નિયમો વિરુધ્ધ લીઝનો પરવાનો મેળવવા અંગે લીઝધારક જનકસિંહ મોહનસિંહ ચાવડા સહિત અન્ય વ્યક્તિઓ સામે જયંતિભાઈ પ્રજાપતિ, નવીનચંદ્ર પ્રજાપતિ વગેરે દ્વારા એડવોકેટ નિરવ કોશિકભાઈ મજમુદાર મારફતે હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરવામાં આવી હતી. જે મુજબ અરજદારો વંશપરંપરાગત રીતે રેતીના ખાણકામની પ્રવૃત્તિ દ્વારા પોતાનો જીવનનિર્વાહ કરતા આવે છે. ઉપરોક્ત લીઝની મુદત પુરી થતાં અરજદારો યથાયોગ્ય સમયે ગુજરાત મીનરલ રૂલ્સ અન્વયે નિયમોનુસાર લીઝનો પરવાનો રીન્યુ કરાવતા આવેલ છે. પરંતુ સુરત કલેકટર દ્વારા અરજદારોની રીન્યુલ અરજી જે તે સમયે અરજદારોની અરજીવાળો વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર હોઈ તે માટે પરવાનો રિન્યુ કરવાનો ઈન્કાર કર્યો હતો. જેની સામે અરજદારો દ્વારા ખાણખનિજ ખાતાના ઉચ્ચ સ્તરે રિન્યુલ અરજી કરી હતી. જે વર્ષોથી સરકારમાં પેન્ડીંગ રહેવા પામી હતી. એકબાજુ સુરત કલેકટર દ્વારા અરજદાર પ્રજાપતિ બંધુઓની રિન્યુલ અરજી એક યા બીજા કારણોસર મંજૂર નહીં કર્યા બાદ અન્ય લીઝ ધારક જનકસિંહ મોહનસિંહ ચાવડા તથા અન્ય ૧૨ લીઝધારકોની રેતીની લીઝ ઉપરોક્ત સુચવાયેલા પ્રતિબંધિત વિસ્તાર ગણાવાયેલા વિસ્તારમાં સરકારી નિયમ મુજબ જાહેરનામુ બહાર પાડ્યા સિવાય મંજુર કરવામાં આવી હતી. જે અંગે મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાની ચોંકાવનારા આક્ષેપો કરી ગેરરીતિ અંગેના પ્રાથમિક તપાસ અહેવાલ રજૂ કરવામાં આવ્યા હોવાના તારણો રજૂ કરવામાં આવ્યા હતા.

તેમ છતાં રાજ્ય સરકારના ખાણખનિજ ખાતા કે સુરત કલેકટર દ્વારા કોઈ પગલાં ભરવામાં ન આવતા અરજદારોએ હાઈકોર્ટમાં રીટ કરી ધા નાખી હતી. જેને વંચાણે લઈ હાઈકોર્ટે જસ્ટીસ શ્રી ડી.એન.પટેલે તપાસ અહેવાલ લક્ષમાં લઈને સચિવ ઉધોગ ખાણ ખનિજ વિભાગ, ભુસ્તરશાસ્ત્રી, સુરત કલેકટર સહીત જનકસિંહ ચાવડા સહિત અન્ય ૧૨ વ્યક્તિઓને શો કોઝ પાઠવી તા. ૧૭મી ઓગષ્ટે હાજર થવા હુકમ કર્યો છે.

2005-08-12

### રેતીના લીઝધારકોના ગોરખધંધા બંધ થઈ જશે

# તાપીના ઉપરવાસનો વધુ ૮ કિ.મી. વિસ્તાર પ્રતિબંધિત જાહેર

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

રાજયના ખાણખનીજ વિભાગે થોડા દિવસો પહેલા એક જાહેરનામું બહાર પાડયું છે. જેમાં તાપી નદીના અપસ્ટ્રીમ અને ડાઉન સ્ટ્રીમ મળી જે ૨૨ કિ.મી.નો વિસ્તાર પ્રતિબંધિત હતો તેમાં વધુ ૮ કિ.મી.નો વિસ્તાર પ્રતિબંધિત ઘોષિત કર્યો છે. હવેથી ડુમસથી કઠોર સુધીના ૩૦ કિ.મી.ના તાપી નદીના વિસ્તારમાંથી રેતી કાઢી શકાશે નહીં.

## વારંવારની સચોટ રજૂઆતના અંતે સરકારે અગાઉ કરેલી ભુલ સુધારી લીધી

ઉલ્લેખનીય છે કે, ૧૯૯૪ની સાલમાં રાજયના ખાણખનીજ વિભાગે એક જાહેરનામું બહાર પાડીને તાપી નદીનો ડાઉન સ્ટ્રીમનો ૧ કિ.મી.નો વિસ્તાર અને અપસ્ટ્રીમનો ૨૯ કિ.મી.નો વિસ્તાર પ્રતિબંધિત જાહેર કર્યો હતો. પરંતુ તે વખતે રેતીના લીઝધારકોએ પોતાની રોજીરોટી છનવાઈ જતા રાજય સરકારને અપસ્ટ્રીમમાં ૮ કિ.મી.નો વિસ્તાર રેતી કાઢવા માટે મુકત કરવા માટે વારંવાર રજૂઆતો કરી હતી. લીઝધારક ભગવાન વણજારાએ આ બાબત અંગે કોર્ટના દ્વાર પણ ખખડાવ્યા હતા. અંતે રાજય સરકારે ૨૦૦૧ના વર્ષમાં લીઝધારકોની માંગણીનો સ્વીકાર કરીને તાપી નદીના અપસ્ટ્રીમના ૮ કિ.મી.ના એરીયામાંથી રેતી કાઢવા મંજુરી આપી હતી.

રેતી કાઢવાની મંજુરી આપ્યા બાદ લીઝધારકો દ્વારા બિનઅધિકૃત રીતે તાપી નદીના પ્રતિબંધિત મુકત વિસ્તારમાં પાળાઓ બાંધી દીધા હતા. આ કારણે શહેરમાં તાપી નદીનું પાણી અવરોધાઈને આવતું હતું. પાણી પ્રદુષિત વધારે રહેતું હતું તથા શહેરના પાણી પુરવઠાને આ પાળાને કારણે ઘણી અસરો પડતી હતી. આ બાબતે રાજય સરકારમાં શહેરના વહીવટીતંત્રે વારંવાર રજૂઆતો કરી હતી કે તાપી નદીના અપસ્ટ્રીમમાં પ્રતિબંધિત વિસ્તારો વધારવામાં આવે તો જ શહેરમાં દુષિત પાંણી નહીં આવે. પુરતા પ્રમાણમાં પાણી આવશે અને જે ગેરકાયદેસર પાળાઓ તાપી નદીમાં બાંધી દેવામાં આવ્યા છે. આવા ગેરકાયદેસર પાળાઓ પ્રતિબંધિત વિસ્તાર જાહેર થશે તો લીઝધારકો ભવિષ્યમાં બનાવી શકશે નહીં. અંતે રાજય સરકારે એક જાહેરનામું બહાર પાડીને તાપી નદીના અપસ્ટ્રીમમાં વધુ ૮ કિ.મી.નો વિસ્તાર પ્રતિબંધિત જાહેર કર્યો છે. આ ૮ કિ.મી.નો વિસ્તાર પ્રતિબંધિત જાહેર થવાની સાથે જ કામરેજ તાલુકાના અબ્રામા, ભાદા, ખોલવડ, કઠોર, આંબોલી ગામોમાં ચાલતી રેતીની લીઝો બંધ થઈ જશે. જાણકારોના કહેવા મુજબ રેતીના લીઝધારકો દ્વારા જે રોયલ્ટીની ચોરીમાં અને એકબીજાની લીઝો પડાવી લેવા માટે જે દાવપેચો ખેલાય છે તે તમામ ખેલો બંધ થઈ જશે.

2005-09-02

# તાપી રીવર ફ્રન્ટ યોજના માટે વધુ એક વખત મેથેમેટીકલ સર્વે કરવા દરખાસ્ત

સુરત,સોમવારઃ તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે સરથાણાથી રૂંઢ અને મોટા વરાછાથી પાલ જકાતનાકા સુધી તાપી નદીની પહોળાઈ, ઊંડાઈ તેમજ લેવલની માપણીના મેથેમેટીકલ સ્ટડીના રૂપિયા ૨૦ લાખના અંદાજની દરખાસ્ત આવતીકાલે મળનારી મનપાની જાહેર બાંધકામ સમિતિની મિટિંગમાં મુકવામાં આવી છે. સર્વેની વિગતોને રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે.

અગાઉ ઘણી વખત ચર્ચાઈ ચુકેલા છે તે તાપી રીવર ફ્રન્ટ ડેવપલમેન્ટ પ્રોજેક્ટ માટે સુરત મહાનગરપાલિકાને તાપી નદીનો વધુ એક વખત સર્વે કરાવવાની જરૂર ઉભી થઈ છે. તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પ્લાનના મેથેમેટીકલ સ્ટડીના નામથી ઓળખાનારા આ સર્વે માટે મહાપાલિકા દ્વારા રૂપિયા ૨૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે અને તેને મંજુરી માટેની દરખાસ્ત આવતીકાલની મનપાની જાહેર બાંધકામ સમિતિની મિટિંગમાં મુકવામાં આવી છે.


જેમાં તાપી નદીના કાંઠાને સમાંતર છ માર્ગીય કે ચાર માર્ગીય રસ્તા બનાવવા સહિત આ પટમાં કઈ જગ્યાએ તાપી નદીની કેટલી પહોળાઈ અને ઉંડાઈ છે તેમજ નદીનું કઈ જગ્યાએ લેવલ કેટલું છે તેની વિગતો મેળવવામાં આવશે. આ વિગતો તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે. બાદમાં આ પ્રોજેક્ટની ડીઝાઈન તૈયાર કરવામાં આવશે. તાપી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સાકાર થાય તો તાપી નદીના પટની ઝુંપડપટ્ટીઓ દુર કરવાની સમસ્યા દુર થઈ જવાની સાથે નદીની સુંદરતામાં વધારો થશે, પણ આ પ્રોજેક્ટ શરૂ થશે કે કેમ તેની પરજ હાલમાં પ્રશ્નાર્થ મુકાયો છે.

2005-12-19

# Express corridor being planned in Surat

## Rs 2,900-cr project entails MRTS, metro rail

By Amarendra Jha
TIMES NEWS NETWORK



**Surat:** An express corridor is being planned for mass rapid transport system (MRTS) in Surat, along the canal between Kamrej and Althan stretching about 27 km. The ambitious project, being undertaken jointly by Surat Municipal Corporation and the Surat Urban Development Authority, will span three phases and will cost about Rs 2,900 crore, said SMC commissioner Pankaj Joshi.

The corridor — from Magadalla near Althan and passing through Bhatar, Majura, Udhana, Anajana, Magob, Dumbhal upto Kamrej — could cater to the transport needs of the southwest, south and eastern parts of the city within the limits of the corporation and the areas within the jurisdiction of SUDA, SMC town planner Debasish Basak said.

Basak said a rail-based MRTS could be developed once the roads on both sides of the canal at Bhatar, Sosyo Circle, Limbayat, Udhana and Magob near Kamrej are built.

The project is planned on a public-private partnership basis, with the private sector funding the project in the form of BOT (build, operate and transfer) while the public sector funding in the form of bonds, said Joshi.

The surrounding areas of the MRTS would have self-sustainable commercialisation. Impact fee would also be charged over and above the normal revenue generation from the MRTS itself, said officials.

Basak said that existing canal service roads on both sides would be developed into cement-concrete ones, along with intersections along the major link roads which would have grade separators like flyovers, road over bridges (ROB) and subways.

The budget for the roads on both sides of the canal is pegged at Rs 300 crore. Once these are built, an MoU would be signed with private operators for operating bus services. The civic body would provide facilities like bus stand, service roads, parking and other ancillary provisions.


The bus rapid transport system would help develop new areas along the canal.

The third and final phase of the project entails an elevated metro railway transport system, Joshi said.

The recently revised Jawaharlal Nehru National Urban Renewal Mission (JJNURM) also includes urban transport system, and funds would be sought under this scheme for the canal development project, added Joshi.

The work on the project would start by mid-2006. To begin with, the blueprint will have to get an approval and funds will have to be arranged from various sectors, including banks. The two civic bodies plan to complete the project in four years, said Joshi.

# 2005


JAHANGIRPUR VILLAGE
CREMITORIUM
PUJYA MOTA ASHRAM
R-20
ASHARAM ASHRAM
STAIRS
R.P.L.
N.T.P.C.
STEPS
ISKON MANDIR
SAHAKARI MANDALI (JIN)
PITCHING
HOUSE
N : 52000
R-15
HUT
HOUSE
CARTTRA
L-20
C.W.
KABIR TEMPLE
NARAYAN NAGAR
BUND 40 To 44
TOP RL 7.0m
L-15
DABHOLI VILLAGE
HANUMAN TEKARI
MANCHI VAD
PACHI PURA
PITCHING
STONE PITCHING
TEMPLE R-10
HOUSE
L-10
SINGANPUR VILLAGE
RANDER GAMTAL
HOUSE
BUND
BUND 1 To 39
1 cm = 150M
MUNICIPAL MAHOLLA
DARGAH
STONE PITCHING
HALPATI VAS
STONE PITCHING
N : 50000
R-6
L-6
TO RANDER
CAUSEWAY
TO SINGANPUR
R-6
GARDEN
GARDEN
RD-1
LD-1
ISLAND
MAP of EROSION DUE TO SPUR FOR


2006-01-28

**સમસ્યા**

ફયસલબકીલી

# રેતખનન કે ભૂમિહનન ?

**લીઝધારકો બધા નિયમોને નેવે મૂકીને નદીઓના પેટાળમાંથી બેફામપણે રેતી ઉલેચી રહ્યા છે. રેતખનનનો આ વેપલો ખેડૂતોને ઘણું નુકસાન પહોંચાડે છે અને ભૂગર્ભીય બંધારણમાં વિક્ષેપ સર્જી અનેક આફતો નોતરે છે.**





**નદીના પેટાળમાંથી મોટા ડીઝલ એન્જિન વડે થઈ રહેલું રેતખનન. આ રેતીનો પછી વેપાર થાય છે**

દક્ષિણ ગુજરાતની ભૂમિ ઉપર નદીઓ સુકાતી નથી. અહીંની તાપી, અંબિકા, પૂર્ણા, કાવેરી, પાર, દમણ ગંગા, ખરેરા, તાન, માન, વાળી નદીઓ બારમાસી છે. આ નદીઓમાં કાયમી પાણી વહેતું હોય છે. પણ સમસ્યા એ છે કે આ નદીઓમાં લીઝધારકો દ્વારા કાયદા અને મંજૂરીની ઓથ હેઠળ બેફામપણે રેતખનન થઈ રહ્યું છે. એટલે કે નદીના પેટાળમાંથી રેતી ઉલેચાઇ રહી છે. નદીમાં હાઇપ્રેશરથી રેતી ઉલેચવાને કારણે અને ટેકરીઓમાંથી માટીખનનને કારણે તેના કુદરતી ભૂગર્ભીય બંધારણમાં વિક્ષેપ પડે છે અને પરિણામે ગામની જમીનના પેટાળનું થર નદી અને ટેકરીઓ તરફ ધસતા ગામમાં ખાડા પડવાની અને હળવા આંચકા લાગવાની ઘટનાઓ બને છે.

નદીના વહેતા પાણી નીચેની જમીનમાં ૪૦થી ૬૦ ફૂટ ઊંડેથી હાઇડ્રોલિક ટ્રેઝાડ પદ્ધતિ અને હાઇપ્રેશર ટેક્નિકથી રેતી કાઢવામાં આવે છે. નદીની વચોવચ હોડીમાં ડિઝલ એન્જિન લઈ જવામાં આવે છે. નદીમાંથી પાઇપ વડે ઊંડેથી પાણી સાથે રેતી ખેંચવામાં આવે છે. નદીના કિનારે, આ રેતી નદીની અંદર જ બનાવેલ એક પ્લેટફોર્મ પર ઠાલવવામાં આવે છે. પ્લેટફોર્મ પર મોટી ટ્રક આવી શકે તેવી વ્યવસ્થા હોય છે. સરકારના એક નિયમ મુજબ હોડીની અંદર મૂકેલું એન્જિન પાંચ હોર્સ પાવરનું જ હોવું જોઈએ. પરંતુ એક લીઝધારક કહેવા મુજબ ૩૦થી ૫૦ કે તેનાથી પણ વધુ હોર્સ પાવરના એન્જિનનો ઉપયોગ થતો હોય છે.

સુરત રિજીઓનલ એન્જિનિયરિંગ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક મહેશ દેસાઈએ નદીઓનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેઓ રેતખનનની અસર વિસ્તારપૂર્વક સમજાવે છે, "રેતખનન માટે નદીની અંદર ઊંડેથી રેતી કાઢવામાં આવે છે. એક જગ્યાએ કઢાતી રેતીના કારણે નદીમાં એ જગ્યાએ પોલાણ થાય છે. તેના કારણે આજુબાજુની જમીન નીચેની રેતી પોલાણ તરફ ધસતી જાય છે. હળવા ભૂકંપના આંચકા આવે કે વધુ પડતું વજન આવે એટલે જમીન નીચે બેસી જાય કે ધસી પડે. આ જ કારણે નદીનો તટ પહોળો થતો જાય અને પહોળો થવાથી નદીના વહેણના પ્રવાહની ગતિ પણ મંદ પડી જાય છે તેમ જ ઊંડાણની જગ્યાએ વમળ સર્જાય છે."


એક સમયે બારમાસી નદીઓનું બન્ને કિનારાનું અનુપમ સૌંદર્ય હતું. નદી તટની રેતીના વિશાળ પટ પર બાળકોનું કૂદવું, છીપ-શંખ વીણવાં, હુતુતુ અને આટાપાટાની રમતો રમવી સામાન્ય ગણાતું. ઉનાળાના ધોમધખતા તાપમાં

2006-01-28

# સમસ્યા

**"રેતખનનને કારણે જમીનમાં ખાડા પડે, હળવા ભૂકંપના આંચકા આવે, નદીનો તટ પહોળો થતો જાય, ઉંડાણની જગ્યાએ વમળો સર્જાય, વગેરે આફતો ઊભી થાય છે"**

***મહેશ દેસાઇ***
*નિવૃત્ત પ્રાધ્યાપક,*
*સુરત રિજીયોનલ*
*એન્જીનિયરીંગ કોલેજ*



શિયાળાની લહેરખીનો અનુભવ કરવા માટેનું સ્થળ ગણાતી નદીઓ આજે સતત રેતખનન અને માટીખનનના કારણે જે સ્થિતિમાં પહોંચી છે તે ચિંતાજનક છે.

વાત કરીએ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાંથી વહેતી અંબિકા નદીની. અંબિકા નદીમાં વધુ પડતા રેતખનનને કારણે કાંઠાની બાજુમાં જ અજરાઈ તથા ધમડાછા ખાતે પડેલા મોટા ખાડા, જમીન બેસી જવાની ગંભીર ઘટના બની છે. આશ્ચર્ય એ વાતનું છે કે સરકારના ભૂસ્તરશાસ્ત્ર વિભાગ પાસે હંમેશાં આના બે જવાબો જ ઉપલબ્ધ હોય છે. જો આવી ઘટના ચોમાસા દરમિયાન બની હોય તો તે પાણીના ભરાવાને કારણે બની છે! અને અન્ય મોસમમાં બની હોય તો લેન્ડ સેટલમેન્ટના કારણે બન્યું એવો ખુલાસો અપાય છે! નિષ્ણાતો આ તર્કને હાસ્યાસ્પદ ગણાવે છે. સુરત જિલ્લાના નિઝર તાલુકાના ખાડીહાતી ગામે ડિસેમ્બર ૨૦૦૪માં ત્રણ ફૂટ ત્રિજ્યા અને ૨૧ ફૂટ ઊંડાઈવાળા ખાડા પડેલા તે સંદર્ભે ભૂસ્તરશાસ્ત્રીનો અહેવાલ કહે છે કે 'ભૂગર્ભ પ્રક્રિયામાં ફેરફાર થવાના લીધે આ ખાડાઓ થયા નથી. જ્યાં ખાડા પડ્યા છે તેની નજીકમાંથી પસાર થતી પાઈપલાઇન લીકેજ થઈ હતી. પરિણામે જમીન પોચી થવાથી અને તેના ઉપરથી વાહનો પસાર થવાથી આ ખાડો પડ્યો છે.' પાણી પુરવઠા વિભાગે પોતાની જવાબદારી નિભાવવા ખાડામાં ચાર-પાંચ ટ્રેક્ટર રેતી નાખીને ખાડો પૂરી દીધો. બસ, પત્યું!

જમીનમાં ખાડા પડી જવા, ઘરો જમીનમાં ખૂંપી જવાં, ચીકુ અને આંબાનાં વૃક્ષો ધરાશાયી થઈ જવાથી ખેડૂતોને થતું નુકસાન અટકતું નથી. રેતીખનન કરતા ઠેકેદારો નદી કાંઠે ચળાયેલા કાંકરાના ઢગલા કરે છે. પૂર આવતા આ કાંકરા ગામની જમીન ઉપર ફરી વળે છે અને ફળદ્રુપ જમીનનું ધોવાણ થાય છે. રેતખનનને કારણે નદીઓનાં વહેણ બદલાય છે. બિલિમોરા નજીકના બીગરી-ભાઠલા વિસ્તારમાં આવેલા ત્રિવેણી સંગમ નજીક નદીઓનાં વહેણ બદલાતા સૂચિત વાઘરેચ ડેમ નજીકના પટનું ધોવાણ થઈ રહ્યું છે જેના કારણે ગોવંદી, ભાઠલા, દઢારા અને વણગામનું અસ્તિત્વ જોખમમાં છે. છેક ૧૯૮૬થી એટલે લગભગ ૨૦ વર્ષથી આ અંગે લેખિત અને મૌખિક રજૂઆતો થઈ છે. પરંતુ પરિણામ શૂન્ય. હાલની સ્થિતિમાં ધોવાણ ૫૦ ફૂટ ઊંડાઈ અને ૫૦૦ મીટર લંબાઈ સુધી વિસ્તરી ચૂક્યું છે.

બીજો દાખલો જોઈએ. સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ડુંગરા ગામે નદીકિનારે ભીમનાથ મહાદેવ મંદિર આવેલું છે. મંદિરે ગામલોકો નિયમિત દર્શને આવે છે. અને બાળકો રમવા માટે. મંદિર નજીકનો નદીકાંઠો ખોદાઈ ગયો હોવાથી ઊંડા ખાડા પડી ગયા છે. મંદિર નજીક ૫૦ ફૂટ ઊંડી તથા ૩૦૦ ફૂટ લાંબી તિરાડ પડી ગઈ છે. બે બાળકો સહિત કુલ સાત વ્યક્તિઓનું અહીં અકસ્માતે ડૂબીને મૃત્યુ થયા બાદ ગામલોકોએ સત્તાવાળાઓને ફરિયાદ કરી. આજ સુધી સરકારી આદેશ છતાં પણ લીઝધારકને ચેતવણી આપતું પાટિયું મૂકવાની તસ્દી લેવાઈ નથી. નદીકિનારે ડૂબી જવાની, ખાડામાં પડી જવાની આવી અનેક ઘટના તાપી, અંબિકા, કાવેરીમાં બનતી રહે છે. લીઝધારકોએ પુષ્કળ પ્રમાણમાં રેતી ઉલેચી લેતાં નદીના પાણીનાં સ્તર પણ ઊંડાં ઊતરી જવાથી ગામલોકોએ ખેતી માટે પાણીની તંગી પડતી હોવાની ફરિયાદ સુરત કલેક્ટરને કરી છે.

નદીમાંથી રેતી ઉલેચવાના કારણે થતાં નુકસાનનાં ગંભીર પરિણામો ભવિષ્યમાં આવશે છતાં પણ તેના વિરોધની સામૂહિક ચળવળ દેખાતી નથી. જોકે ગણદેવી તાલુકાના માંડ ૭૦૦-૮૦૦ની વસતિ ધરાવતા ખખવાડાના ડો. ધીરુભાઈ નાયક 'અંબિકા નદી બચાવો જનહિત રક્ષા અભિયાન'ના નામે યુવાનોને સંગઠિત કરી રહ્યા છે. ડો. નાયકે છેલ્લાં ત્રણ વર્ષથી પોતાના

## રેતખનનની ભૂગર્ભીય અસરના કેટલાક નમૂના

- અંબિકા નદીના કિનારાની બાજુમાં આવેલા હાથિયાવાડી (તા. ગણદેવી) ગામ ખાતે ઓગસ્ટ ૨૦૦૪ દરમિયાન ઊંડા ખાડા પડ્યા હતા.
- થોડા મહિના બાદ જૂન-૨૦૦૫માં ફરીથી અહીં જમીનમાં ખાડા પડવાની ઘટના બની હતી. ધમડાછા ગામ ખાતે ડિસેમ્બર-૨૦૦૪ દરમિયાન ઊંડા ખાડા પડ્યા હતા.
- ખાડીહાતી (તા. નિઝર જિ. સુરત) ખાતે ડિસેમ્બર ૨૦૦૪ અને જાન્યુઆરી ૨૦૦૫ દરમિયાન ભેદી ધડાકા સાથે ઊંડો ખાડો પડ્યો હતો.
- સુરત જિલ્લાના જ ઓલપાડ તાલુકાનાં સિથાણ, કન્યાસી, વિહારા ગામોમાં ઓગસ્ટ-૨૦૦૪ દરમિયાન ઘરોની અંદર ઊંડા ખાડા પડી જવાની અને મકાનો નમી જવાની ઘટનાઓ બની હતી.
- ગયા જુલાઈમાં સોનગઢ તાલુકાના બેડી ગામે ડુંગર પર ભેદી અવાજો સાથે ગેસ નીકળવાની ઘટના હજી ઘણા લોકો ભૂલ્યા નથી.
- ચીખલી તાલુકાના માંડવખડક ગામ ખાતેના વિરવણા ડુંગરની જમીન એકાએક બેસી ગયેલી.
- વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકાના ભાઠી-કરમબેલી ગામ ખાતે જુલાઈ-૨૦૦૫ દરમિયાન ઊંડો ખાડો પડવાની ઘટના બની હતી.
- સાપુતારાના ડુંગર પર તળેટીમાં ખૂબ મોટો વિસ્તાર ધસી પડવાનો બનાવ બન્યો. તંત્રએ અને ગામલોકોએ માત્ર ઘટનાઓ પર જ ધ્યાન આપ્યું. કારણ પાછળ કોઈનું ધ્યાન કેન્દ્રિત નથી.



2006-01-28

# સમસ્યા

ગામમાંથી પસાર થતી અંબિકા નદી માટે રેતખનન અટકાવવા ઝુંબેશ ઉપાડી છે. ગાંઠના ગોપીચંદન પેટે તેમણે રૂપિયા ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ ખર્ચી નાખ્યા છે. ''પણ હવે હું હતાશ થઈ ગયો છું. રાજ્યપાલ, મુખ્યમંત્રીથી લઈ ગામના સરપંચ સુધી દરેક સ્તરે ફરિયાદો કરી પણ પરિણામ શૂન્ય,'' ડો. જયેશ નાયક નિરાશાપૂર્વક કહે છે.

ડો. જયેશ નાયકે નદીમાંથી ઉલેચાતી રેતી કે માટીખનનને લગતા અનેક બનાવોના છાપાના અહેવાલોની સાથે અનેક રિપોર્ટ તૈયાર કરીને પાનાંઓ ભરી ભરીને સંબંધિત તંત્રને લખ્યું. માહિતીના અધિકારનો ઉપયોગ કર્યો પણ સરકારી તંત્ર ઊંઠાં ભણાવવામાંથી ઊંચું નથી આવતું. ''અમારા વિસ્તારમાં માટીનું ધોવાણ, નદીનું વહેણ બદલાવું, ખાડા પડવાની ઘટનાઓએ મને આશ્ચર્યમાં નાખ્યો. આ વિસ્તારમાં આવું કેમ થતું હશે એ પ્રશ્નનો ઉત્તર શોધવા ઇન્ટરનેટનો ઉપયોગ કર્યો અને નિષ્ણાતોનો મત મેળવ્યો. સુરતના મહેશ દેસાઈને મળ્યો,'' ડો. જયેશ નાયક કહે છે. ''અંતે હું એ તારણ પર આવ્યો છું કે ભૂગર્ભીય કે જલીય ફેરફારો થાય છે તે તમામ સ્થળ નદીની નજીક છે.''

**''રેતખનનને કારણે મારી પચાસેક નાળીયેરીઓ નદીના પાણીમાં ધરાશયી થઈ ગઈ છે અને વીઘે ૧૫થી ૨૦ લાખ રૂપિયાની કિંમતની જમીનનું ધોવાણ થઈ રહ્યું છે.''**

***નિમેશ નાયક***

*કછોલી ગામના ખેડૂત*



ડો. જયેશ નાયક ઉમેરે છે, ''એક વાત સમજો કે જે નુકસાન થયું તે થયું પણ હવે એને વધતું અટકાવવું પડશે. અંબિકા નદીના તટ પર આવેલાં ગણી, સોનાવડી, કછોલી, ખખવાડા, અજરાઈ, તલિયારા, સામલાવાડી દેવધા વગેરે ગામો એ ઘણું નુકસાન ભોગવ્યું છે. પ્રજા આંદોલન કરે તો જ હવે ઉકેલ આવે. મારો વિરોધ રેતી કાઢવા સામે નથી, મારો વિરોધ રેતી કાઢવાની પદ્ધતિ સામે છે. મોટાં મોટાં મશીનોથી નિયમ વિરુદ્ધ ઊંડે સુધી નદી ખોદવાની પ્રક્રિયા સમગ્ર વિસ્તાર અને સમાજ માટે વિઘાતક નીવડવાની છે.''

''તાપી નદીની જ વાત કરીએ તો જહાંગીરપુરામાં તાપીનું વહેણ ૬૦૦-૭૦૦ મીટર હતું. આજે તે બમણું થઈ ગયું છે. વેડ, ડભોલી, સીંગણપુરમાં પણ સ્થિતિ એવી જ છે,'' મહેશ દેસાઈ કહે છે.

અંબિકા અને તેની આજુબાજુનાં ગામો 'વાડીગામ' તરીકે જાણીતાં છે. આ ગામોમાં ચીકુ, કેરીની ખૂબ મોટી વાડીઓ છે. એથી જ ગણદેવી, અમલસાડ, ગડત, અજરાઈ જેવી ખેડૂત મંડળીઓ ખૂબ સમૃદ્ધ છે. અમલસાડ વિભાગ માર્કેટ યાર્ડના પ્રમુખ સતીશ નાયક કહે છે, ''રેતખનનને કારણે અંબિકા નદીનાં પાણીનાં સ્તર ઊંડાં ગયાં છે, પાણીમાં ખારાશ ભળી છે. જમીનનું ખૂબ ધોવાણ થયું છે. ખેડૂતોને ભયંકર નુકસાન થઈ રહ્યું છે. હવે ખેડૂતોએ સંગઠિત થઈને લડાઈ લડવા સિવાય છૂટકો નથી.''

''રેતીની પ્રવૃત્તિને કારણે મારી પાંચ વીઘાં જમીનને નુકસાન થયું છે, એક વીઘાનો ભાવ ૧૫થી ૨૦ લાખ રૂપિયા છે,'' કછોલી ગામના યુવા ખેડૂત નિમેશ નાયક નદીના તટ પર ઊભા રહી વાત કરે છે. ''મારી પચાસેક નાળિયેરી નદીના પાણીમાં ધરાશાયી થઈ ગઈ છે. દર વર્ષે નદી મારા ખેતરનું વધુ ને વધુ ધોવાણ કરે છે. પાણી ખરાબ થઈ રહ્યાં છે. આ વિસ્તાર ખેતી ઉપર નભતો વિસ્તાર છે. જમીનને નુકસાન થશે તો અહીં આર્થિક અને સામાજિક પ્રશ્નો પણ ખડા થશે.''

''દક્ષિણ ગુજરાતની નદીઓમાં થતા રેતખનનને પરિણામે સર્જાતી ગંભીર સમસ્યાના નિવારણ માટે યોગ્ય કાર્યવાહી અને વૈજ્ઞાનિક પરીક્ષણો થવાં જોઈએ. આ નદીઓ તથા તેની આસપાસના વિસ્તારની સેટેલાઇટ તસવીરો લઈને આ વિસ્તારમાં થતા ભૂગર્ભીય ફેરફારોનો અભ્યાસ કરવામાં આવે. રિમોટ સેન્સિંગ ઉપગ્રહથી સર્વે કરાવવામાં આવે જેથી કેટલી રેતી કાઢી તે જાણી શકાય. અને સમયાંતરે આમ કરાવવાથી કઢાયેલી રેતીનું માપ મળતાં, ચોરી અટકાવી શકાય,'' ડો. જયેશ નાયક ઉપાય સૂચવે છે.

અંબિકા નદીમાંથી રેતી કાઢતાં એક લીઝધારક કોન્ટ્રાક્ટર પોતાનો કક્કો ખરો કરાવવા જણાવે છે. ''કલેક્ટરે અમારી પાસેથી રોયલ્ટી લઈને લીઝ આપી છે. અમે એમાંથી જ રેતી કાઢીએ છીએ. સરકારી કર્મચારીઓ અવારનવાર આની મુલાકાત પણ લેતા હોય છે. વિરોધ કરનારાનો તો પોતાનો સ્વાર્થ હોઈ શકે. બાકી, ગામને અમે કંઈ નુકસાન કરતા નથી.''

જ્યારે ગુજરાત રાજ્યના ભૂસ્તર અને ખાણ વિભાગના અધિક નિયામક પી. ડી. વણકર જુદું જ કહે છે. ''ગુજરાતમાં બિહાર, બંગાળ કે ઓરિસાની જેમ ખાણમાફિયા નથી. કરચોરીના કિસ્સાઓ મળી શકે છે, પરંતુ ખાણમાફિયા જેવું કંઈ નથી. હાઈડ્રોલિક સિસ્ટમથી માઈનિંગ(ખનન)ના કારણે સુરત આસપાસ થોડી સમસ્યા છે, પરંતુ તે મર્યાદિત જ છે. તાપી આસપાસ ૩૦ કિલોમીટર વિસ્તારમાં માઈનિંગ અટકાવી દેવામાં આવ્યું છે. ગુજરાતમાં બીજે ક્યાંય કોઈ મોટી સમસ્યા અમારા ધ્યાન પર આવી નથી. નદીમાંથી રેતી કાઢવા માટે મોટી લોરીઓના ઉપયોગ પર કોઈ પ્રતિબંધ નથી. લીઝ પર જેમણે જમીન લીધી છે તે પોતાની જરૂરિયાત મુજબ રેતી કાઢી શકે છે.''

રેતખનનના કારણે ખેડૂતોની સોના જેવી ધરતી નદીમાં વિલીન થઈ રહી છે. નદીના કૂવા જેવા ઊંડા ખાડાને કારણે અકસ્માત મૃત્યુ થઈ રહ્યાં છે. રાજકીય પીઠબળ, લીઝહોલ્ડર અને અધિકારીઓની મિલીભગતથી ચાલતી રેતખનનના અતિરેકની પ્રવૃત્તિ અટકે તો જ કંઈક વાત બને. 

### વિરોધ અંગત હિતોને કારણે

રજૂઆત એવી છે કે માટીનું ધોવાણ થાય છે, રેતી ઊંડેથી કાઢવાથી પાણીમાં ખારાશ વધે છે. પણ અમારા ધ્યાન ઉપર એવી કોઈ બાબત નથી આવી. જીઓલોજિસ્ટો પણ એવું નથી માનતા. રેતી કાઢવાથી ઊલટાનું ખારું પાણી મીઠું થાય છે. રેતી કાઢવાનું કામ કાયદેસરનું છે. લીઝધારકોને મંજૂરી આપવામાં આવે છે. સરકારની આ ખનિજ સંપત્તિ છે, જેમાંથી આવક મેળવાય છે. જે આવક થાય છે તે જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયતને આપવામાં આવે છે જેમાંથી લોકોના વિકાસનાં કામો થાય છે. વિરોધ કરવાવાળાઓ તો અંગત હિત માટે આનો પ્રતિકાર કરે છે.

**વી. ટી. પટેલ**

જિલ્લા કલેક્ટર, નવસારી

# WATER RESOURCES: A GOVERNING FACTOR FOR URBAN DEVELOPMENT

By

**Dr. Mahesh D. Desai**

Ph.D. (Civil Engg) Rtd. Prof SVNIT, Surat.

Consulting Engineer,EFGE Consultant,Surat.

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

## ❑ INTRODUCTION :

➢ Life and living objects survive and bloom depending on sustainable supply of good quality water in adequate quantity. All activities from Puja to eternity is linked with water. Puja, hospitality, industry, environment, life, construction and destruction activities are linked with water.

2006-02-11, "Water Resources: A Governing Factor for Urban Development", International Conference on "Urban Health Initiative", Govt. Medical College & SMC, Surat

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

**Health initiatives for Urban Centers are directly linked with:**

a) Water Resources (Quantity),

b) Quality of Water available,


c) Drainage of Storm Water,

d) Management of Water Resources – Conservation, Recycling, Control of Salinity ingress in Coastal Areas – Surat – Bombay – Madras

e) Development Plan by Act provides reservations of land for Storage – Drainage - Recycle.

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

In present scenario good planning requires 15 years time for such projects. Rapid Urbanization, Land Pricing, Litigations indicate need to reserve say 10 to 15 % land for over coming repetition of Past Problems in Development Phase.




International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

## ❑ Norms of WHO :

For overall Global Consideration WHO considers:

| | Quantity in CM / Year / Head |
|---|---|
| Minimum Supply | 2000 |
| Tolerable Supply | 1700 |
| Scarce Supply | 1200 |

These norms will vary from country to country based on climate, growth rate of population, industry, pollution etc. Hence it is used to predict future trends only. .

2006-02-11, "Water Resources: A Governing Factor for Urban Development", International Conference on "Urban Health Initiative", Govt. Medical College & SMC, Surat

## ❑ GLOBAL SOURCE :

- Good water essential but scares commodity with zero growth ( or decreasing with increasing pollution and intrusion of salinity in ground water over coastal belt) is hardly 2 cubic meter in every 1000 cubic meter of available resources.
- The cycle o f generation of fresh water – Hydrological Cycle on earth is shown in Plate – 1.

Ocean - Evaporation
Land – Transpiration } — Vapour → Transportation by winds to Land - Sea


Precipitation — Rains, Snow, Glaciers and Percolation in ground.

↓ Surface storage: Ponds, Dams, Rivers
↓ Ground Water - Aquifer → Seeps Back to Sea

THE AVAILABLE STUDIES ESTIMATE:

WATER CYCLED / PRODUCED / YEAR = 108 x $10^{12}$ CM    CM-Cubic Meter

Continued..





WATER CYCLE – ANNUAL FOR GLOBE

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

- The fresh water on surface is getting polluted by living processes. The millions of years seepage water stored under ground is depleted by use in areas of scarcity. The lowering of ground water by tube wells in coastal belt increases the intrusion of seawater. Thus both surface and ground water are expected to decrease in future. Plate – 2 illustrates this.

PLATE- 2




Over Use Of Ground Water By Bore: G.W.L. Depletes, Salinity intrudes

SEA WATER INTRUSION

## ❑ SWEET WATER RESOURCES OF EARTH :

- No planet with water source has been traced.
- Huisman (1890) estimated source, which is expected to decrease with years is:

| Sr.No. | Source | Quantity in $10^5$ (Lakh)CM | % of Total Water availability |
|---|---|---|---|
| 1 | Oceans | 1330 | 97.00 |
| 2 | Glaciers Polar Ice | 29 | 2.12 |
| 3 | Ground Water | 8.4 | 0.61 |
| 4 | Surface Water - Ponds, Rivers | 0.13 | 0.01 |
| 5 | Atmosphere Biosphere | - | Negligible |

Available water for drinking is only 6 cubic meter of 1000 cubic meter. Some of this is not assessable by human settlements. Hence the available assessable drinking source could be placed at 2 cubic meters for every 1000 cubic meter.



## ❑ WORLD WATER RESOURCE :

- Ground Water Fresh Stored over Years ............ $8500 \times 10^{12}$ CM
- Considering Detention time of 200 - 300 years,

  Renewable Income of rains........................... $46 \times 10^{12}$ CM

## ❑ HUMAN NEEDS OF WATER :

FOR URBAN AREA (IS: 1172 – 1993)

| Activity | Quantity in (L / Head / Day) |
|---|---|
| Drinking & Cooking | 10 |
| Bathing | 75 |
| Washing - Cloths & Urinals | 40 |
| Other Cleaning | 15 |
| Flushing Toilets | 45 |

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

## ❑ INDUSTRIAL NEEDS :

The demand depends on processes:

- Textile industry requires 100 Kilo Ltr / tone of textile material handled.
- Paper industry requires 400 - 500 Kilo Ltr of water / tone of product.
- Fertilizer industry – 200 Kilo Ltr / tone

For Industrial Cities, Ultimate per capita water requirement may be as high as 450 L / Head / Day as compared to normal requirement of 50 L / Head / Day.

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

## ❑ AVAILABLE WATER RESOURCES IN FUTURE : PROJECTIONS FOR GLOBE :

Though fresh water under ground is estimated as 8500 x $10^{12}$ cubic meter, the renewable source of water is only 46 x $10^{12}$ cubic meter.

PROJECTIONS OF NEEDS & SUPPLY (GLOBAL) :

| | | | | |
|---|---|---|---|---|
| 1 | Year | 1950 | 2000 | 2050 |
| 2 | Population x $10^7$ (Crores) | 300 | 600 | 900 |
| 3 | Available resources of water (CM / Year / Head) | 3000 | 1650 | 1000 |
| 4 | Minimum Desirable WHO (CM / Year / Head) | 2000 | 2000 | 2000 |

**Plenty → Scarce → Scanty**

The scarcity supply will grow over years from 2000 and overall reach critical state by 2050. This period will, in each country may vary but trend is definite.

2006-02-11, "Water Resources: A Governing Factor for Urban Development", International Conference on "Urban Health Initiative", Govt. Medical College & SMC, Surat

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

**(A) NORMS OF QUANTITY OF WATER (WHO):**

| | Liters / Head / Day |
|---|---|
| (A) Minimum | 5480 |
| (B) Tolerable | 4650 |
| (C) Scare | * 3280 |

* 1200 $m^3$ / Head / Year

**(B) AVAILABLE WATER IN INDIA:**

**ESTIMATE:**

| SOURCE | QUANTITY IN (Billion Cubic Meter ($10^9$ CM)) |
|---|---|
| Rain – Snow / Year | 1870 |
| Ground Water | 432 |
| Total | 2302 BCM |

Usable water = (690 + 432) x $10^9$ CM
= 1120 BCM

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

**INDIA: Projection of Availability of usable / Total Resources over years:**

| Year | 2001 | 2026 | 2051 | |
|---|---|---|---|---|
| Population | 103 x $10^7$ | 140 x $10^7$ | 160 x $10^7$ | |
| Distribution of water in Cubic Meter / Year / person | 1090 | 800 | 700 | Usable |
| | 2000 | 1600 | 1400 | Total Resources |
| Liters / Day Available | 2986 | 2191 | 1917 | Usable |
| | 5480 | 4383 | 3835 | Total Resources |
| Min Water Desirable | ..................................4650.......................................... | | | |

**Note: To Convert Total Resources into Usable in Storage, Conservation, Recharge will be a massive effort for next 2 decades.**

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

## ❑ CONFIRMATION OF FORECASTS :

Some recent surveys have shown:

1) About 100 crore (1 billion) people have no drinking water.
2) 280 crore people (2.8 billion) are waiting for water supply for sanitation.
3) 25 crores suffer water born diseases.

## ❑ CONFIRMATION OF TREND IN INDIA :

1) Increasing repeated scarcity of water in many parts of country.
2) The free drinking water supply is pre 1970 history. The price of litre of water for drinking is average Rs 15 / litre. The industrial needs of water has created new industry of water supply by tankers with cost ranging from Rs 250/- to 400/- for 1000 litre.

Continued..

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

3) Water becoming scares and costly, thefts from canals / reservoir and SMC industrial supply have become daily news headlines. Inter state, inter country legal battles have already started in country and will not take long when water may become a political tool for future politicians. Future wars could be for water.
4) Shortage of surface water have led to mass use of ground water lowering G. W. L. by 10 to 50 meters generally. In coastal belts Surat for example, Seawater therefore found entry in 2 – 4 km belt around estuary making G.W. source as polluted.

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

| | Needs (Population 160 crores) | Quantity in Billion Cubic Meter ($10^9$) | | **Inter Country Disputes**<br># Nepal, Bangladesh, Pakistan |
|---|---|---|---|---|
| (1) | Domestic | 100 | | **Inter State Disputes**<br># Gujarat – MP |
| (2) | (Irrigation for food 450 million tones)<br>New storage to be created 600 BCM | 1000 | **Available Total**<br>Ground + Surface | # Karnataka – Andhra - Tamil Nadu |
| (3) | Power Sector<br>Atomic – Thermal – Hydro | 150 | 2300 BCM(Total)<br>1120 BCM (Usable) | # Punjab – UP – Delhi<br>Fruits of Green Revolution |
| (4) | Industry for Employment | 200 | If efforts are made | White Revolution? |
| (5) | Keep Rivers Clean Flowing | 70 | to Convert<br>1180 BCM<br>As Usable | Cost of Water Higher<br>Higher Living Cost<br>Purity of Water ! |
| (6) | Needs for Fighting<br>Hazards – Fire – Atomic- Salinity | 60 | * Planning For<br>20 Years<br>* Cost .<br>* Priority | Diseases, Health Hazards<br>Guess 1 Liter Water<br>At Railway:<br>1968.........(Max) 1.0 Rs |
| (7) | To control Pollution of<br>Air – Water – Ground | 200 | CAN LEAVE<br>WITHOUT ROAD | 1998................10.0 Rs<br>2021...............100.0 Rs |
| (8) | Loss – Waste | 600 | BUT NOT | 2056....................?<br>Industry: |
| | Total Needs | 2380<br>Say 2400 | WITHOUT<br>WATER! | 2004 ---→ 25 Rs / 1000 L<br>2056---→500 Rs / 1000 L |

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

## ❑ CAN CRISES BE MINIMIZED?

The crisis in India are delayed due to slow and steady planning of 3000 or more minor, medium and major irrigation projects in priority over last 50 years. The white & green revolution has, through the network of canals, revolutionized water supply for domestic purposes to non-urban sector.

The additional water estimated as 600 x $10^{12}$ Cubic Meter has to be conserved from sustainable sources untapped so far. To locate sources, plan project, obtained required funds and generate public awareness to avoid politico – environmental – legal clearance to project, advanced planning is need of hour. <u>The immediate need to identify source and ascertain land use reservations from government in 2-3 years.</u> Whereas urban activity e.g. SUDA, TP Plans at Surat is in process, overall reservations of land required for storage and supply will be easy. Once TP is planned, step-by-step "Part to Whole System" will not be economical nor efficient. Once source is planned efficient economical system by parts can be evolved as growth occurs .

Continued..

To conclude, it is first step to locate / Plan source of water for urban center and ascertain that land is reserved. This establishes primary need for sustainable planning of water resources for future.

This plan requires legal back up of act ( Development Plan / Town Planning scheme) to reserve land for water resources and storm drain.

International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006

## ❑ METHODS FOR MINIMIZING CRISIS :

Conserve sweet water:

E.g. Auto level gates of Singanpore weir releases water round the year, which merges in to tide. Balloon dam at Umra can conserves 100 million $m^3$. (Plate-3)

Harvest rain water/ Floodwater by storage check dams, Lagoons: 400 million $m^3$ (Lagoons on coast lines).

Harvest rainwater by recharging ground water – Each house, drain and plot: 170 million $m^3$. (Plate-4)

Recycle water for more than one use. E.g. collect wash & bath domestic water 120 L / Head / day and use for flushing & other cleaning (60 L / Head / day) saving more than half water consumed per capita for domestic use.

The sewage water, after tertiary treatment, can be used for gardens, green belts, irrigation and recharging in to ground.

Continued..

**PLATE- 3**






**PLATE- 4**



International Conference on Urban Health Initiative, Organized by SMC & Govt Medical College at Surat, on 11-02-2006


Multipurpose Projects to Make Optimization of Water.

Surat – Flood sustainable > 1000 million m$^3$ / year (Plate-5)


Use kharland along seacoast

Hansol Umbharat- 4 lane coastal highway at R/L 8.0

Length 50 to 60 km: Plan 50 % water lagoon & 50 % land reclamation.




**MULTIPURPOSE PROJECT TO MAKE OPTIMIZATION OF WATER.**




# THANK YOU

2006-02-11, "Water Resources: A Governing Factor for Urban Development", International Conference on "Urban Health Initiative", Govt. Medical College & SMC, Surat

**INTERNATIONAL CONFERENCE ON URBAN HEALTH INITIATIVE**

Community Medicine Department, Government Medical College, Surat,
Surat Municipal Corporation & Health & Family Welfare Department, Government of Gujarat

## CERTIFICATE

This is to certify that Dr. / ~~Mr.~~ / ~~Ms.~~ / ~~Prof~~ M. D. Desai

from Surat participated as ~~Chairperson~~ / ~~Rapporteur~~ / ~~Panelist~~ / Guest speaker / Delegate

in the International Conference on "Urban Health Initiative" at Surat, India on

9th/10th/11th February 2006. He / ~~She~~ made a presentation titled Water resources - a governing factor for urban development

during the session of Plenary Session V

Dr. Rohan K. Srivastava
Chairman, Scientific Committee

Dr. Vikas K. Desai
Organizing Secretary

2006-02-11, "Water Resources: A Governing Factor for Urban Development",
International Conference on "Urban Health Initiative", Govt. Medical College & SMC, Surat

2006-02-22

# રેતી કાઢવાના પ્રતિબંધ પર પુનઃ વિચાર માટેની બેઠક અચાનક રદ

■ કોર્પો. નો મૂડ પારખી બેઠક રદ કરાઈ હોવાની ચર્ચા

■ કોર્પો. નાં બે અધિકારી છેક ગાંધીનગરથી પાછા ફર્યા

(પ્રતિનિધિ)
સુરત તા. ૨૧

મનપાના ઉગ્ર વિરોધનો અણસાર પામીને તાપી નદીમાંથી રેતી કાઢવાના પ્રતિબંધ પર પુનઃ વિચાર કરવા માટે ગાંધીનગરમાં પ્રભારી મંત્રી નરોત્તમ પટેલે બોલાવેલી બેઠક એકાએક રદ કરવામાં આવી હતી. મનપાના બે ઉચ્ચ અધિકારી છેક ગાંધીનગરનો ધક્કો ખાઈને પરત ફર્યા છે.

વયર જળાશયથી ઉપરવાસમાં ૩૦ કિ.મી સુધી રેતી કાઢવા પર મુકાયેલો પ્રતિબંધ ગૂપચૂપ હળવો કરવાના પ્રયાસના ભાગરૂપે આજ રોજ ગાંધનગરમાં આજે બેઠક બોલાવવામાં આવી હતી. રેતી કાઢવાનો પ્રતિબંધ ૨૧ કિ.મી. પુરતો સિમીત કરી ગાય પગલાનો વિસ્તાર ખુલ્લો કરવા લીઝધારકોની લોબી સક્રિય બની હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. પોતાનો વિભાગ નહીં હોવા છતા નરોત્તમ પટેલે આજ રોજ ગાંધીનગરમાં બેઠકનું આયોજન કર્યુ હતું.

પ્રતિબંધ હળવો કરવાની કોઈ પણ હિલચાલનો વિરોધ કરવાનો મ્યુ. કમિ. પંકજ જોશીનો આદેશ લઈને હાઈડ્રોલીક ઈજનેર ભરત દલાલ અને સ્પે. સેલનાં ઈન્ચાર્જ ડેનીયલ ગાંધીનગર પહોંચયા હતા. બેઠકમાં ભાગ લેવા માટે ભુસ્તર વિભાગ અને ખાણ ખનીજ વિભાગના જવાબદાર અધિકારી પણ આવી પહોંચ્યા હતા પરંતુ કોઈ પણ કારણ દર્શાવ્યા વગર આ બેઠક રદ કરવામાં આવી હતી.

**SANDESH** : SURAT | WEDNESDAY, **22** FEBRUARY **2006**

2006-03-03

# તાપીના પાણીને દુષિત કરતી કોયલી ખાડીના પાણીને નવ કરોડના ખર્ચે દરિયામાં લઈ જવાશે

('ગુજરાતમિત્ર'ના પ્રતિનિધિ તરફથી)

સુરત,શુક્રવારઃ તાપી નદીને પ્રદુષિત કરતી વરાછાની ખાડી તેમજ કોયલી ખાડીના પાણીને ડાયવર્ટ કરવાની સાથે આ પાણીને શુધ્ધ કરીને દરીયામાં છોડી શકાય તેમજ ખાડીમાં આરસીસી ચેનલ બનાવી શકાય તે માટેના રૂપિયા નવ કરોડના ટેન્ડરને આજે સ્થાયી સમિતિ દ્વારા બહાલી આપવામાં આવી હતી.અંદાજીત રકમ કરતા ૧૨૭ ટકા ઉંચા ટેન્ડરને પણ સ્થાયી સમિતિએ મંજુરી આપવી પડી હતી.

સ્થાયી સમિતિના ચેરમેન રણજીત ગીલીટવાળાએ વિગતો આપતા જણાવ્યું હતું કે નાના વરાછાથી ઉધના જીવનજ્યોત સુધી ૧૦ કિલોમીટર જેટલા વિસ્તારમાં ફેલાયેલી કોયલી ખાડીમાંથી તાપી નદીમાં હાલમાં ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી તાપી નદીનું પાણી ગંદુ થઈ રહ્યું છે. જેના ઉકેલરૂપે કોયલી ખાડીને રીમોડેલીંગ અને રીસ્ટ્રકચરીંગ ઉપરાંત સેકશનીંગ કરવા માટે પાલિકા દ્વારા નિર્ણય લેવા ઉપરાંત ટેન્ડરીંગની પ્રક્રિયામાં અંદાજીત ખર્ચ રૂપિયા ૩.૯૪ કરોડથી ૧૨૭ ટકા ઉંચું મેંગ્લોરના યોજાકા મરીન પ્રા.લી.નું ટેન્ડર મંજુર કરવાની ભલામણ ટીએસસી દ્વારા કરવામાં આવી હતી.

આ દરખાસ્ત અંગે ગત સ્થાયી સમિતિમાં નિર્ણય લેવાનું મોકુફ રાખવામાં આવ્યું હતું, પણ જગ્યા જોવામાં આવ્યા પછી આજે આ ટેન્ડરને મંજુર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોયલી ખાડીને રીસેકશનીંગ કરવાની કામગીરી દરમ્યાન ખાડી પર આવેલા બ્રિજ તોડી પાડવામાં આવશે તેમજ જે બાંધકામો ખાડીની જગ્યામાં છે તેમને દુર કરી મિલકતદારોને બીજે વસાવવાની પણ કામગીરી કરવામા આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે કોયલી ખાડીના રીસેકશનીંગ પછી તાપી નદીમાં ગંદુ પાણી વહેવડાવવાની જરૂર નહી રહે. પાણી દરીયામાં છોડી શકાશે.

## અંદાજીત રકમથી ૧૨૭ ટકા ઉંચુ ટેન્ડર છતાં સ્થાયીએ આખરે મંજુરી આપવી પડી : ખાડીના ગેરકાયદે બ્રિજ તોડી પાડવાની સાથે મિલકતદારોને અન્યત્ર વસાવવામાં આવશે

## ચોમાસામાં ઉભી થતી પૂરની સમસ્યા રોકવા →

# ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાની સત્તા સ્થાનિક કમિટીને સોંપવા અંગે જિ. કલેકટરનો અભિપ્રાય

(ગુજરાતમિત્રનાં પ્રતિનિધિ દ્વારા)

સુરત, શુક્રવારઃ ચોમાસા દરમ્યાન ભારે વરસાદને કારણે ઉકાઈ ડેમમાંથી છોડવામાં આવતા પાણીના કારણે શહેરમાં ઉભી થતી પુરની પરિસ્થિતિને અટકાવવા માટે સ્થાનિક કમીટીને ડેમમાંથી પાણી છોડવાની સત્તા સોંપવા માટેનો અભિપ્રાય આજે કલેકટરે નર્મદા વોટર રીસોર્સ ડિપાર્ટમેન્ટને કર્યો છે.

## નર્મદા વોટર રીસોર્સ ડિપા.ને કલેકટરે અભિપ્રાય મોકલી આપ્યો : હાલ ઉકાઈમાંથી પાણી છોડવાની સત્તા નહેર વિભાગનાં સચિવ પાસે જ છે

રાજ્યમાં આવેલ તમામ જળાશયોના મેનેજમેન્ટ પ્લાન દર વર્ષે નર્મદા વોટર રીસોરીર્સ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ પ્લાન જયારે પણ તૈયાર કરવામાં આવે છે ત્યારે જિલ્લા કલેકટરો પાસે તેમના જિલ્લાના જળાશય અંગે અભિપ્રાય મંગાવવામાં આવે છે. હાલમાં ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ પ્લાન ૨૦૦૬/૦૭ માટે અભિપ્રાયો મંગાવવામાં આવ્યા છે.

જે સંદર્ભે જિલ્લા કલેકટર વત્સલા વાસુદેવાએ ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાની સત્તા સ્થાનિક કમીટીને સોંપવા અંગેનો અભિપ્રાય મોકલ્યો છે. આ અંગે તેમણે અભિપ્રાયમાં જણાવ્યુ છે કે, ભૂતકાળમાં ચોમાસા દરમ્યાન ભારે વરસાદ પડવાથી ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં વધારો થતા એક સાથે બે લાખ ક્યૂસેકસ પાણી છોડવામાં આવ્યુ હતુ ત્યારે શહેરમાં પુરની પરિસ્થિતિનું નિમાર્ણ થયુ છે આ સમયે મીઢોડા નદિમાં પણ પુર હોય છે અને મહાનગરપાલિકા દ્વારા ગેટો પણ બંધ કરવામાં આવે છે.

પુરની પરિસ્થિતિ જયારે પણ આવી છે ત્યારે સરકારને કરોડો રૂપિયાનુ નુકશાનનો સામનો કરવો પડે છે. જેથી સંભવિત પુરની પરિસ્થિતિને અટકાવવા, તેના પર નિયંત્રણ રાખવાની સાથે સાથે સરકારની રેવન્યુ બચાવવા ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાની સત્તા સ્થાનિક કમિટીને સોપવા માટેનો અભિપ્રાય વ્યકત કર્યો છે. હાલમાં આ સત્તા રાજ્યના નહેર વિભાગના સચિવ પાસે છે.

(High Court affidevit demand
Of M.D. Desai )

2006-03-10

## ફિઝીબીલીટી રિપોર્ટ તૈયાર થતા એક વર્ષ લાગશે

# રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન થયુ

(પ્રતિનિધિ દ્વારા) સુરત મંગળવાર

સુરત મહાનગરપાલિકા અને શાસકો બન્ને માટે રિવર ફ્રન્ટનો પ્રોજેક્ટ મહત્ત્વનો બન્યો છે. જો કે રિવર ફ્રન્ટ માટે પ્રાથમિક તબક્કાની કામગીરી પુર્ણ થતાં જ એકથી દોઢ વર્ષનો સમય નીકળી જશે. જોકે, રિવર ફ્રન્ટ માટે આવશ્યક એવા ફિઝીબીલીટી રિપોર્ટ માટે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

## સરથાણાથી રૂંઢ જકાતનાકા સુધી બન્ને તરફ ૫૦૦-૫૦૦ મીટરનો વિસ્તારને આવરી લેવાશે

અમદાવાદ રિવર ફ્રન્ટની ડિઝાઈન તૈયાર કરનાર એચ.સી.પી. કંપનીએ આજે પાલિકાના પદાધિકારી અને અધિકારીઓ સામે પ્રેઝન્ટેશન કર્યુ હતું. પ્રેઝન્ટેશનમાં તાપી નદીના સરથાણાથી રૂંઢ જકાતાનકા સુધીના વિસ્તારમાં તાપીના બન્ને છેડે ૫૦૦-૫૦૦ મીટરનો સરવે કરવાનું જણાવ્યુ હતું. આ પહેલા જ પાલિકાએ રિવર ફ્રન્ટ માટે જરૂરી એવા હાઈડ્રોગ્રાફી સરવે તથા સોઈલ સરવેનું કામ સોંપવાની તૈયારી કરી લીધી છે. આજે પ્રેઝન્ટેશન દરમિયાન જે મહત્ત્વના મુદા રજૂ કરવામાં આવ્યા હતા તે તમામ મુદાઓનો સરવે કરવામાં એજન્સીને ઓછામાં ઓછો એકથી દોઢ વર્ષનો સમય લાગી જાય તેમ છે. આમ પણ અમદાવાદ મનપાએ રિવર ફ્રન્ટ માટે ૧૯૯૮માં પ્રોજેક્ટ મુક્યો હતો અને કામ હાલ શરૂ થયું હતું. પ્રેઝન્ટેશનમાં જ્યાં પાલિકા રિવર ફ્રન્ટ બનાવવા માગે છે તે જમીન પાલિકાની છે, સરકારની છે કે પછી ખાનગી માલિકીની છે તેની વિગત ભેગી થશે. જો પાલિકા કે સરકારની માલિકીની જમીન હોય તો રિવર ફ્રન્ટ બનાવવા માટે વધુ સમસ્યા નહીં નડે. આ ઉપરાંત રિવર ફ્રન્ટ વિસ્તારમાં કોઈ ઐતિહાસિક મિલ્કત છે કે કેમ અને હોય તો તે કેટલાક સમય પહેલાની છે તેની જાળવણી કઈ રીતે કરી શકાય તેનો પણ સરવે કરવામાં આવશે. આ ઉપરાંત સૌથી અગત્યની એવો તાપીનો કેચમેન્ટ એરિયા તથા કેટલીક હાઈટે પુર આવે છે અને પુર આવે તો કેટલી જમીનનું ધોવાણ થાય તેની પણ માહિતી મેળવવામાં આવશે. આવા તમામ પાસાઓને આવરી રિવર ફ્રન્ટની ફીજીબીલીટી તથા તેનાથી પર્યાવરણ પર અસરનો રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. રિવર ફ્રન્ટ માટે પાલિકાએ આ પહેલાં થોડો સરવે કર્યો હતો જે સરવે કર્યો છે તેનો સરવે ફરી એજન્સી દ્વારા નહીં કરવવામાં આવે તેની પણ કાળજી રાખવામાં આવશે.

---

શુક્રવાર તા.૧૦મી માર્ચ, ૨૦૦૬

## તાપી નદીને પ્રદૂષિત થતી રોકવા ૧૧.૭૧ કરોડનાં ખર્ચે

# કામરેજ-કઠોર સહિત ઉપરવાસમાં પાંચ સ્થળે મનપા પાંચ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉભા કરશે


સુરત,ગુરૂવારઃ તાપી નદીનું પાણી ગંદુ કરતા કામરેજ, કઠોર, ખોલવડ, લસકાણા તેમજ વાલકના ગંદા પાણીના આઉટલેટ બંધ કરવા માટે 'સુડા'ના સહયોગથી સુરત મહાપાલિકા દ્વારા રૂપિયા ૧૧.૭૧ કરોડના ખર્ચે કુલ ૨૨.૯૦ એમએલડીની ક્ષમતા ધરાવતા પાંચ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ પંપીંગ સ્ટેશન બનાવવાના કામને આજે સ્થાયી સમિતિ દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

સ્થાયી સમિતિના ચેરમેન રણજીત ગીલીટવાળાએ જણાવ્યું હતું કે તાપી નદીના ઉપરવાસમાં આવેલા વિવિધ ગામડાઓ દ્વારા ગંદુ પાણી સીધું તાપી નદીમાં છોડવામાં આવતું હોવાને કારણે નદીનું પાણી ગંદુ થઈ રહ્યું છે. પરિણામે સુરત મહાપાલિકાને પીવાનું પાણી માટેનું રો-વોટર મેળવવામાં મુશ્કેલીઓ પડી રહી હોવાથી મ્યુનિ.કમિ. દ્વારા નદીના ઉપરવાસમાં આવેલા પાંચ ગામડાઓ કામરેજ, કઠોર, ખોલવડ, લસકાણા તેમજ વાલકમાં સુએઝ પંપીગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી હતી.

આ દરખાસ્ત પ્રમાણે ખોલવડ, લસકાણા તેમજ વાલકમાં બનનારા કુલ ૯.૬૯ એમએલડીના ત્રણ સુએઝ પંપીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે 'સુડા' તેમજ મહાપાલિકા દ્વારા ૫૦-૫૦ ટકાનો સહયોગ કરવામાં આવશે. જયારે કામરેજ તેમજ કઠોરમાં બનનારા અનુક્રમે બે એમએલડી તેમજ ૦.૭ એમએલડીના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મહાપાલિકાના પોતાના ખર્ચે બનાવશે. સુએઝ પંપીંગ સ્ટેશન તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે નિભાવની શરતો પણ તેને તૈયાર કરવાની શરતો જેવીજ રહેશે.

સુરત મહાપાલિકાએ આ માટે જમીન કે ડ્રેનેજનું નેટવર્ક ઉભું કરવાનો ખર્ચો કરવો પડશે નહી. જમીન રાજય સરકાર, ગ્રામ પંચાયત કે જિલ્લા પંચાયત પાસેથી લેવામાં આવશે. જેને માટે મ્યુનિ.કમિ.ને સત્તા આપવામાં આવી છે. આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર થયેથી મહદ અંશે તાપી નદીનું પાણી ગંદુ થતું અટકાવી શકાશે.

## 2006


EARTHWORK
FOUNDATION
GROUND
ENGINEERING
B-004, HERITAGE APPT.,
B/H. SARJAN SOCIETY,
OPP. RAVIDARSHAN,
GHOD DOD ROAD,
SURAT - 395 007
TEL : 225686
FAX : 0261-677213
Dr. Mahesh D. Desai
Rtd. Prof. Svreg. College
CONSULTING ENGINEER
Coastal road
Shelle Desai
Ponds temp control
Raw. Conse
Sea
KIM
SPILL
Kim
Coastal Road
Prop. Jaypurpura
Well Singanpore
Dhorangpardi
SPill
EL 14.0
Ukai Release
NH Bridge Kamrej
Amroli
Kosli
Jiva Jyot
Mithi
Sachin
Barrage Umra
Magdalle
Sachin
Kelu
FPL 5.0
EL 8.5 TOP
Flood 8.0 to 9.0
Tide 4.4M
-2.0M
Soils
Dunes
To Chubhar
Width of river 1020 m
Main Drain 30x1.0 to 1.5m
Q = 50 cumecs.
on either bank connecting storm drains.
Release of flood by moderation to levels proposed
Flood 1 in 300 yrs Actual Moder
" 1 in 30 yrs
Pred. of storm → flood – Ukai Res. level with u/s 349 – Adv Releases,

2006-03-21

### વિયરમાંથી ગંદકી દૂર કરવાનો સરળ પ્રયોગ

# તાપીના ડ્રેજીંગ સાથે મોટી ટેકરીઓ જરૂરી

(પ્રતિનિધિ દ્વારા) સુરત સોમવાર

મહાનગરપાલિકા દ્વારા તાપીમાંથી ગંદકી દૂર કરવા માટે અનેક પ્રયાસો કરવામા આવી રહ્યાં છે. પરંતુ તાપીમાં નિયમિત રીતે ગંદકી ઠલવાતી હોવાથી ગંદાપાણી સાથે વનસ્પિતિ અને જીવાતની ફરિયાદ દૂર થતી નથી. તાપીમાંથી વનસ્પિતિ દૂર કરવા માટે તાપીનું ડ્રેજીંગ સાથે નાની નાની ટેકરીઓ દૂર કરી કેટલીક મોટી ટેકરીઓ બનાવવી જોઈએ તેવી રજુઆત આજે પાલિકાના પદાધિકારીને કરવામાં આવી છે.આ અંગે માહિતી આપતાં ભાજપ માછીમારસેલના પુર્વ પ્રદેશ મંત્રી કમલેશ સેલર જણાવે છે, વિયરના ઉપરવાસમાં ૧૫૦થી વધુ નાની ટેકરીઓ છે. આ ટેકરીની આસપાસ જ પાણીજન્ય વનસ્પિતઓનો ભરાવો થાય છે. જ્યાં જ્યાં પાણીની ઉંડાઈ ૧૨ ફુટથી વધારે છે ત્યાં આ સમસ્યા ઘણી જ ઓછી જોવા મળે છે. વિયરના ઉપરવાસમાંથી લીલ અને વનસ્પિતના ભરાવાને દૂર કરવા માટે નાની નાની ટેકરીઓ દૂર કરી વચ્ચે મોટી કેટલીક ટેકરી બનાવવી જોઈએ. આમ કરવાથી વનસ્પિતની સફાઈ માટે પણ સરળતા રહે છે. સાથે સાથે પાણીની વચ્ચે ટેકરીઓ બનાવવાથી વરસાદના દિવસોમાં અને ઉકાઈમાંથી પાણી છોડવામાં આવે છે ત્યારે જે માર પાળા પર પડે છે તે પણ દૂર થઈ શકે તેમ છે.

ગુજરાત સમાચાર (સુરત આવૃત્તિ)

મંગળવાર, તા. ૨૧ માર્ચ, ૨૦૦૬

Recomnded by M D Desai
Report on Reservoir capacity.

### કોઝવેના ઉપરવાસમાં વનસ્પતિ દૂર કરવા રજૂઆત

સુરત, તા. ૨૪

વિયર કમ કોઝવેના ઉપરવાસમાં બોરવાડાથી કામરેજ-કઠોર સુધી ઉગેલી વનસ્પતિ દૂર કરવા માટે ભાજપ માછીમાર સેલે લેખિતમાં મેયર સહિતના પદાધિકારીઓને રજૂઆત કરી છે કે ઉપરવાસમાં ઠલવાતી ગંદકી અને પ્રદૂષણથી મુશ્કેલીઓમાં વધારો થયો છે. જેથી આ સમસ્યાનો કાયમી ઉકેલ આવે તે માટે ઝડપથી કાર્યવાહી કરવાની માંગ કરી છે. તથા તાપી નદીમાં ડ્રેજીંગની કાર્યવાહી પણ કરાવવી જોઈએ.

2006-03-31

# રાંદેર ભરીમાતા અને સીંગણપોરને હવે પુર સામે રક્ષણ: ઓગષ્ટ સુધીમાં પાળા તૈયાર

■ ૮ વર્ષ બાદ પહેલું ચોમાસું સલામતી લઈને આવશે

(પ્રતિનિધિ)
સુરત, તા. ૩૦

૧૯૯૮ના વિનાશક પૂર બાદ દર ચોમાસે રાંદેર, ભરીમાતા, સીંગણપોરના નદી તટે વસતા હજારો લોકોને પુરનો ભય સતાવતો હતો. આગામી ચોમાસા દરમ્યાન નદી તટે

(ચિન્નુ પીઠવા)



વસતા હજારો કુટુંબો પહેલી વખત સલામતી અનુભવશે. આઠ વર્ષ સરકાર અને કોર્પોરેશન વચ્ચે પાળાની જવાબદારી વહેંચવાના દાવપેચ વચ્ચે

અનુસંધાન પાના નં ૮ ઉપર

## સરકારના ભાગે આવતા પાળાના ૨૦૦ કરોડના કામો હજુ અધ્ધરતાલ

■ સિંચાઇ વિભાગે હજુ સુધી એક પણ યોજના શરૂ કરી નથી

(પ્રતિનિધિ)
સુરત,તા.૩૦

ઓગષ્ટ ૨૦૦૫માં સરકાર સાથે થયેલી સમજૂતી મુજબ પાળા યોજનાના ૯૫ કરોડના કામો કાર્પોરેશનના હિસ્સે આવ્યા છે જ્યારે અંદાજે ૨૦૦ કરોડના કામો સિંચાઈ વિભાગના હિસ્સે આવ્યા છે. કોર્પોરેશને ૪૬ કરોડના ત્રણ કામો મંજૂર કરી કામગીરી શરૂ કરાવી છે અને

અનુસંધાન પાના નં ૮ ઉપર

### રાંદેર ભરીમાતા

ત્રણ પાળા યોજના જુલાઈના અંત સુધીમાં તૈયાર થશે. જોકે, ફરી એક વખત પાળા યોજનાની જવાબદારીમાંથી છટકી રહી છે. સરકારના હિસ્સે આવતા ૨૦૦ કરોડના કામોમાં હજુ સુધી કોઈ પ્રગતિ થઈ નથી.

જુલાઈ-૨૦૦૫માં સ્થાયી સમિતિ ચેરમેન પ્રવિણ નાયકે ૪૬ કરોડના ત્રણ પાળાના કામો મંજૂર કર્યા હતા. રાંદેર તટે ૬૦૦ મીટર લંબાઈમાં ૧૭ કરોડના ખર્ચે પાળો બનાવવાનું કામ ચાલી રહ્યું છે. ભરીમાતા તટે ૪૦૦ મીટર લંબાઈમાં ૧૭ કરોડના ખર્ચે પાળો બનાવવાનું કામ ચાલી રહ્યું છે. સીંગણપોર તટે ૬૦૦ મીટર લંબાઈમાં પાળો બની રહ્યો છે. જેનો ખર્ચ ૧૨ કરોડ છે. સ્થાયી સમિતિએ ત્રણ કામો મંજુર કર્યાના બે મહીના બાદ વર્ક ઓર્ડર ઈસ્યુ કરાયો હતો જેને પગલે આગામી ચોમાસુ શરૂ થઈ ગયા બાદ પાળા યોજના પુરી થશે. સ્થાયી સમિતિના નિર્ણય બાદ તરત જુલાઈ ૨૦૦૫માં વર્ક ઓર્ડર આપવામાં આવતે તો જૂન-૦૬ સુધીમાં તમામ પાળ બનીને તૈયાર થઈ શકતે. ત્રણ યોજનાઓ પુરી કરવાનો સમય ૧૧ માસનો છે. કોર્પોરેશનના સુત્રોના જણાવ્યા અનુસાર ચોમાસાને ધ્યાનમાં રાખીને તમામ યોજનાઓ સમય પહેલા પુરી કરવાનું આયોજન છે. જૂન સુધીમાં ૯૦ ટકા કામગીરી પુરી થઈ જશે. ચોમાસા દરમ્યાન થઈ શકે તેવી દસેક ટકા કામગીરી જુલાઈ માસમાં કરવામાં આવશે. પાળા યોજનાની જવાબદારી વહેંચવાનો નિર્ણય શહેરના હિતમાં પુરવાર થઈ રહ્યો છે.

### સરકારના ભાગે

રાંદેર તટે પૂર સંરક્ષક દિવાલ અને કેતર નં.૭ અને ૯ વચ્ચે પાળો બનાવવાનું કામ ટેન્ડર સ્ટેજ પર છે. પરંતુ સિંચાઈ વિભાગે હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરી નથી. ૨૦૦ કરોડના કામો અંગે હજુ ડિઝાઈન અને સર્વે કામગીરી પણ થઈ નથી.

ડિસેમ્બર ૨૦૦૬ સુધીમાં કોર્પોરેશને ૯૫ કરોડના પાળાના તમામ કામો પૂરા કરવાનું આયોજન કર્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સિંચાઈ વિભાગ પાસે પોતાનું ડિઝાઈન અને સર્વે ડિવિઝન હોવા છતાં કોઈ નક્કર કામગીરી થઈ શકી નથી. સિંચાઈ વિભાગના ભાગે શહેરની હદના કેટલાક કામો ઉપરાંત સુડા અને જિલ્લા પંચાયત વિસ્તારના નદી તટના કેટલાક કામોની જવાબદારી આવી છે. વિયર કમ કોઝવેના ઉપરવાસમાં ડાબે અને જમણે કાંઠે પાળાઓ ઉંચા અને મજબૂત કરવાની જવાબદારી સિંચાઈની છે. નહેરૂ પૂલથી ભાઠા સુધી પૂર સંરક્ષક દિવાલ બનાવવાનું કામ સિંચાઈ ખાતાએ કરવાનું છે. વરિયાવ ખાતે સ્લુઈસ રેગ્યુલેટરની કામગીરી પાર પાડવાની છે. સરથાણાથી મોટા વરાછા અને કઠોર તટે પાળા યોજનાની જવાબદારી સિંચાઈ ખાતાની છે. છાપરાભાઠાથી અમરોલી વચ્ચે પાળો બનાવવાની જવાબદારી પણ સિંચાઈ વિભાગની છે. આમ કોર્પોરેશને સરકાર સાથે નક્કી થયા મુજબ શહેરીજનોના હીતમાં પાળાની કામગીરી શરૂ કરાવી છે પરંતુ સિંચાઈ વિભાગ હજુ કોઈ નક્કર આયોજનો કરી શક્યું નથી. તાપી નદીમાંથી હજીરાના ઉદ્યોગોને મળતા પાણી બદલ સરકારને વર્ષે ૧૧૦ કરોડની પાણીની રોયલ્ટી મળે છે. નદીમાંથી મબલખ આવક મેળવનાર સરકાર ખર્ચની તમામ જવાબદારી કોર્પોરેશનના માથે ઠોકી રહી છે.

**SANDESH** : SURAT | FRIDAY, **31** MARCH **2006**

2006-04-21

SANDESH | SURAT
સુરત સંદેશ

# તાપી નદીને બચાવવાની શરૂઆત જો આજથી નહી થાય તો શહેરનું અસ્તિત્વ જોખમમાં

(પ્રતિનિધિ) સુરત,તા.૨૧

સુરત શહેરની લાઈફ લાઈન ગણાતી તાપી નદીને બચાવા જો આજથી જ અભિયાન ઉપાડવામાં નહી આવશે તો દોઢેક દાયકા બાદ આ શહેર રહેવા જેવું નહી રહેશે.

ઉપરોક્ત દહેશત શહેરના જાણીતા અર્થવર્ક ફાઉન્ડેશન તેમજ ગ્રાઉન્ડ એન્જિનિયરીગના નિષ્ણાંત ડો. મહેશ દેસાઈએ ઉચ્ચાર્યા હતા. જે માટે તેઓએ જોરદાર તાર્કિક દલીલો પણ રજુ કરી હતી.

વિશ્લેષણ

ડો. દેસાઈના મતાનુસાર તાપીમાં ડ્રેજીંગ કરાવાની કોઈજ જરૂર નથી કારણ કે તાપીના પટમાંથી એટલી બધી રેતી કાઢી લેવામાં આવી છે કે તેને લીધે ઘણું બધું ડ્રેજીંગ થઈ ચૂકયું છે.

અનિયમિત રીતે અને આડેધડ થયેલા આ ડ્રેજીંગના કારણે ભયંકર સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. કારણ કે તેના પરિણામે નદીનો કાંઠો ઠેર ઠેરથી ધોવાઈ જવા પામ્યો છે.

જાણે આ નદીનું કોઈ ધણીધોરી જ નથી તેવો વહેવાર શાસકોએ કર્યો છે. ભૂલેચૂકે જો તાપીમાં ડ્રેજીંગ થયું કે રેતી કાઢવાનું ચાલુ રહ્યું તો વીયર કમ કોઝવે અને તાપીમાં આવેલા નહેરૂ બ્રિજ, વિવેકાનંદ બ્રિજ, સરદાર બ્રિજના અસ્તિત્વને જોખમ ઉભું થઈ શકે છે તેવી ચિંતા પણ તેમણે દર્શાવી હતી.

## સૂરતની સિકલ બદલનારો આ રહ્યો એ ડ્રીમ પ્રોજેક્ટ!



તાપી નદીની ઉપર મગદલ્લા અને ભાઠાની વચ્ચે જે. રબર ડેમના નિર્માણનો સૈદ્ધાંતિક સ્વીકાર થયો છે. તેનો મોડલ ફોટો તસવીરમાં નજરે પડે છે. માત્ર ૩૦ કરોડમાં ઉભા થઈ શકનારા આ પ્રોજેક્ટમાં જેટલો વિલંબ થશે તે ખર્ચાળ સાબિત થશે. નર્મદા યોજના તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પ્રજા અને ઔદ્યોગિક ગૃહો સુરતના અસ્તિત્વ કાજે સ્વયંભૂ આગળ આવે તે ઈચ્છનીય બાબત છે.

તાપી બચાવો અભિયાન અંગે ચાલી રહેલી વાતચીત દરમિયાન ઉપરોક્ત કટુ સત્ય દર્શાવતા ડો. દેસાઈએ ઉમેર્યું હતું કે, જો ડ્રેજીંગ કરવું જ હોય તો તાપીના મુખ ઉપર કરવું જરૂરી છે. હજીરાના મહાકાય ઉદ્યોગોએ કરેલાં આડેધડ અને ભારે પુરાણને કારણે તાપીનું મુખ હતું તેનાથી નાનુ થઈ જવા પામ્યું છે.

જેથી દરિયાની ભરતી સાથે ઘસડાઈ આવતો કાંપ કે કાદવ પાછો દરિયામાં ગયો નહી ને નદીના પટમાં જ ઠલવાયા કર્યો જેને લઈને આજે ડુમસથી દરિયો દૂર ચાલ્યો ગયો છે.

તાપી નદીના મુખ ઉપર જ મોટો બેટ રચાઈ ગયો છે જેને કેડીયા બેટ કહે છે. ડ્રેજીંગ કરીને આ કેડીયા બેટને કાઢી નાંખવો આવશ્યક છે કે જેથી દરિયાઈ ભરતીમાં ઘસડાઈ આવેલો કાદવ- કીચડને કાંપ ફરી દરિયામાં ઘસડાઈ જાય.

તાપીના મુખ ઉપર બેટ રચાવાના કારણે અને તાપીના પટમાં રેતી કાઢવાથી થયેલા ડ્રેજીંગના કારણે નદીનો ઢાળ નીચો થઈ જવા પામ્યો છે.

એટલે કે નદીનું પાણી દરિયા તટના ઢોળાવને કારણે દરિયામાં વહી જવું જોઈએ તે વહી જતું નથી અને નદીમાં જ ભરાઈ રહે છે. પરિણામે ખાડીઓ દ્વારા નદીમાં ઠલવાતો કાદવ- કીચડ કે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ દરિયાઈ ભરતી દ્વારા નદીના પટમાં ઘસડાઈ આવે છે.

આ ગંદો- ગોબરો કચરો ફરી પાછો દરિયામાં વહી જતો ન હોઈ જયાં ને ત્યાં સ્થાયી થઈને પડયો પડયો સડયા કરે છે. જેથી પુલ ઉપર ઠંડી હવાની લહેરખી માણવા આવતા શહેરીજનોને હવાની સાથે માથું ફાટી જાય તેવી દુર્ગંધનો પણ અહેસાસ થતો હોય છે.

ડો. દેસાઈએ જનહિતમાં આ અંગે કોર્ટમાં અરજી કરી હતી. જેમાં કોર્ટે સકારાત્મક વલણ લીધું હતું અને ડો. દેસાઈની માંગ મુજબ તાપીમાંથી રેતી

**ગ્રાઉન્ડ એન્જિનિયરીગના નિષ્ણાંત ડો. મહેશ દેસાઈની આશંકાને શાસકો વિચારતાં વિચારશે પ્રજા સ્વયમ નહી સમજશે તો પછી પસ્તાવાનો પાર નહી આવે**

કાઢવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. જેથી શહેરી વિસ્તારમાં વહેતા તાપી નદીમાં તો રેતી કાઢવાનું બંધ થઈ જવા પામ્યું છે. પરંતુ તેના બદલે કઠોર તરફ ભરપૂર ડ્રેજીંગ ચાલુ હોઈ જતે દહાડે ત્યાં પણ આ સમસ્યા ઉદ્ભવવાની જ છે.

અમારા પ્રતિનિધિએ પૂછયું તો પછી રેતી લાવવી કયાંથી? જે સંદર્ભે ડો. દેસાઈનું કહેવું હતું કે રેતી ભરૂચ કે નવસારીથી મેળવી શકાય નહી મળે તો પથ્થરનો ભુકો કરીને પણ મેળવી શકાય. પરંતુ આ રીતે રેતી મેળવવી લાંબા ગાળે ભયંકર નુકસાન પહોંચાડનારી સાબિત થશે.

2006-04-21

# ડ્રીમ પ્રોજેક્ટથી શહેરની સિકલ જ બદલાઈ જશેઃ જમીનોના ભાવ આસમાન ચૂમશે

(પ્રતિનિધિ) સૂરત,તા.૨૧

તાપી ઉપર જો રબર ડેમ બંધાઈ જાય તો પછી તો સુરત શહેરની સિકલ જ બદલાઈ જાય તેમ છે.

સુરત શહેરનો ચોમેર વિકાસ થઈ રહ્યો છે. સૌથી મોંઘી જમીનો સુરત-ડુમસ રોડની છે પરંતુ ત્યાં પણ વિકાસ અટકી ગયો હોય તેમ જણાય છે. કારણ કે અહીં એક માત્ર સળગતી સમસ્યા મીઠાં પાણીની છે.

શહેરનો પોશ વિસ્તાર ગણાતા અઠવાલાઈન્સ, પીપલોદનું ક્ષેત્રફળ હવે છેક ડુમસ સુધી વિસ્તરી ચૂક્યું છે.

અહીં બધી રસ્તા- વીજળી, એરપોર્ટને લગતી તમામ સુવિધાઓ છે. અરે છેક ડુમસ સુધી પાણીની પાઈપ લાઈન છે પરંતુ અફસોસ કે મીઠું પાણી નસીબમાં નથી. કારણ કે દરિયાની ભરતી અને તાપીના વિસ્તરેલા પટને કારણે જમીનની અંદરના પાણીના સ્ત્રોત ખારાં થઈ ગયા છે. રબર ડેમના નિર્માણથી સીંગણપોરથી છેક મગદલ્લા સુધી મીઠાં પાણીનું જે વિશાળ જળાશય રચાશે તેના કારણે મોટર રિચાર્જીંગથી જમીનની અંદરના પાણીના સ્ત્રોત પુનઃ મીઠાં થઈ જશે.

તે ઉપરાંત ભાઠા ગામમાં વોટર સ્પોર્ટસ માટે અનોખુ ને આદર્શ સ્થળ મળી રહેશે. હાલ વરિયાવથી વાયા મગદલ્લા થઈને પચાસ કરોડના ખર્ચે પીવાના મીઠા પાણીની જે લાઈન લાવવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે તેની જરૂર રહેશે નહી કારણ કે અઠવાલાઈન્સ નજીક જ જળસંચય યોજના બનાવી પાણી પુરવઠો મળી રહેશે.

જેને લઈને અઠવાલાઈન્સ, પીપલોદ, વેસુ, આભવાથી ડુમસ સુધીનો સઘળો વિસ્તાર મીઠાં પાણીથી નવપલ્લવિત થઈ ઉઠશે. નજીક ભવિષ્યમાં જ સુરતને આંતરરાષ્ટ્રીય સ્તરનું એરપોર્ટ મળનાર છે. તેની નજીક જ કલ્પતરૂ નામક એક મહાકાય રેસીડેન્શીયલ સ્કીમ આવી રહી છે.

સહારા પરિવાર પણ આ વિસ્તારમાં રેશીડેન્શીયલ કોમ્પલેક્ષ બનાવી રહ્યું છે. જેથી ઉપરોક્ત ભૌતિક પરિસ્થિતિને કારણે આ વિસ્તારની જમીનોના ભાવ તો આકાશને આંબશે એટલાં વધી જશે. એમ પણ લોકો ડુમસ તરફ જમીનો ખરીદવા પડાપડી કરી રહ્યા છે.

એ દિવસો દૂર નહી હોય કે જયારે આ વિસ્તાર મુંબઈના કોલાબા જેવો પોશ વિસ્તાર બની જાય. આગામી દોઢ દાયકા બાદ શહેરમાં પાણીની જબરદસ્ત અછત સર્જાશે. જેથી આ ડ્રીમ પ્રોજેકટને બનાવ્યા સિવાય કોઈ આરો નથી. આના નિર્માણ માત્રથી સમગ્ર વિસ્તારની ભૂગોળ બદલાઈ જશે તે નિઃશક બાબત છે તેવું ડૉ. દેસાઈ છાતી ઠોકીને કહે છે.

# તાપી બચાવવામાં રબર ડેમ પ્રોજેકટ અત્યંત આશીર્વાદરૂપ બની રહેશે

*(પ્રતિનિધિ) સૂરત,તા.૨૧*

તાપી નદીને બચાવા માટે અને શહેરનું આયુષ્ય વધારવા માટે ગ્રાઉન્ડ એન્જિનિયરીંગના તજજ્ઞ ગણાતા ડો. મહેશ દેસાઈએ તાપી નદીના મુખથી થોડે દૂર એક રબર ડેમ (બેરેજ) બાંધવાની તાતી જરૂરિયાત હોવાનું જણાવ્યું છે.

આ રબર ડેમ મગદલ્લા બ્રિજ પહેલાં મગદલ્લા અને ભાઠાની વચ્ચે તાપી નદી ઉપર બાંધવા તેમણે હિમાયત કરી છે. જે અંગેનો તેમણે બાકાયદા એક પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કર્યો છે અને કોર્પોરેશને તેનો સૈદ્ધાંતિક સ્વીકાર પણ કર્યો છે. હવે આ પ્રોજેક્ટ ઉપર ઝડપથી અમલ શરૂ થાય છે તે જોવાનું રહે છે.

બે વર્ષ પહેલાં આ પ્રોજેકટની કિંમત માત્ર રૂા. ૨૦ કરોડ અંદાજવામાં આવી હતી. જે આજે વધીને ૩૦ કરોડ થઈ જવા પામી છે. જેટલું હજી મોડું થશે તેટલી કિંમત વધતી જશે. આ ડેમ બાંધતા પણ બે વર્ષનો સમય જાય તેમ છે. આજે આ પ્રકારની ટેકનોલોજી વાળા ડેમ દુનિયામાં ઠેરઠેર બંધાયા છે અને તેનો સારો એવો ફાયદો તાઈવાન જેવા ટચુકડા દેશો પણ લઈ રહ્યા છે.

આ રબર ડેમ બંધાવાના કારણે ઘણાં બધા ફાયદાઓ થશે. જેમ કે ઉપરવાસથી આવતું મીઠું પાણી દરિયામાં વહી જતું અટકશે.

દરિયાઈ ભરતીની સાથે તાપીમાં ઘસડાઈ આવતું દરિયાનું ખારૂં પાણી અને તેની સાથે ઘસડાઈ આવતો ગંદો કાદવ- કીચડ વિગેરે તાપીમાં પુરાણ કરતાં બંધ થઈ જશે. આ બંધને પરિણામે સીંગણપોરથી મગદલ્લા સુધીના ૧૦ કિ.મી. લાંબા અને ૪ મીટર ઉંચું મીઠા પાણીનું જળાશય રચાશે.

આ જળાશયને લીધે બારેમાસ પીવા લાયક મીઠું પાણી તો મળશે જ સાથે સાથે જળાશયના કાંઠે આવેલા નાનપુરા, અઠવાલાઈન્સ, ઉમરા, પીપલોદ, અડાજણ કે જ્યાંના જળસ્ત્રોત ખારા થઈ ગયાં છે તે મોટર રિચાર્જીંગના કારણે મીઠાં થઈ જશે. નદીના કાંઠે આવેલા મંદિરો અને ઘાટને અનેરો આકાર આપવાથી તેની પવિત્રતા ને ગરિમા વધશે.

દરિયાઈ ભરતી જે આજે વિયર સીંગણપોર સુધી આવે છે તે આવતી અટકશે. જેથી દરિયાઈ ભરતીની અસરો નાબુદ થઈ જશે. ઓટોમેટીક રીતે સપાટી એનેજ કરતો હોવાના કારણે દરિયાઈ ભરતીનું પાણી આ ડેમ તાપીના ઉપરવાસ તરફ નહી આવવા દેશે તે જ રીતે ઉપરવાસમાં પડતાં ભારે વરસાદને કારણે પુરનું વધારાનું પાણી દરિયામાં ખાલી કરી દેવાશે.

ટૂંકમાં આ એક અનોખો ડ્રીમ પ્રોજેકટ છે. જેના માટે જોઈતા નાણાં અંગે કોર્પોરેશને મોટા ઔદ્યોગિક ગૃહો તરફ હાથ લંબાવ્યો છે. પરંતુ ડૉ. દેસાઈના મતાનુસાર આ ડેમ માટે તો શેર પણ બહાર પાડી શકાય. કારણ કે હાલ નાનપુરા, અઠવાલાઈન્સ, પીપલોદ કે વેસુ વિસ્તારની સોસાયટીઓ કે શાળા કોલેજો ટેન્કરથી જે વેચાતું પાણી લે છે તેની મોંઘી કિંમત ચૂકવે છે. જે આ ડેમના બંધાયા બાદ તેમને મીઠું પાણી આસાનીથી સુલભ થતા ચૂકવવાની નહી રહેશે.

2006-04-24

# રૂંઢથી સરથાણા સુધી તાપીના બંને કાંઠે માર્ગો સરોવર વિગેરેના સર્વેનો કાલથી આરંભ કરાશે

સુરત,શનિવારઃ રૂંઢ જકાતનાકાથી સરથાણા પ્રાણી સંગ્રહાલય સુધીના ૩૪ કિલોમીટર વિસ્તારમાં તાપી નદીના બંને કાંઠાને સુંદર બનાવવાની સાથે મીઠા પાણીનું એક મોટું સરોવર ઉભું કરવાની અંદાજે રૂપિયા ૧૮૦૦ કરોડની તાપી રીવર ફ્રન્ટ યોજનાનો આગામી સોમવારે તેની કન્સલ્ટન્ટ કંપનીના સર્વેની કામગીરીથી પ્રારંભ થશે. આ યોજના સાકાર થતા નદી કાંઠાના વિસ્તારોને એક નવોજ દેખાવ મળશે.

સુરતને સીંગાપોર બનાવવા માટેના સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વની મનાતી તાપી નદી પરની રીવર ફ્રન્ટ યોજના માટે મહાપાલિકાએ શરૂ કરેલી તૈયારીઓ હવે તેની નક્કર સ્થિતિએ પહોંચી છે. મહાપાલિકા દ્વારા રીવર ફ્રન્ટ યોજનાના કન્સલ્ટન્ટ તરીકે અમદાવાદમાં સાબરમતી રીવર ફ્રન્ટ યોજનાની કન્સલ્ટન્સી કરનાર અમદાવાદની એચસીપી ડીઝાઈન એન્ડ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સીની નિમણુંક કરવામાં આવી છે. આગામી સોમવારથી તાપી નદીમાં સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવશે.

આ સર્વેમાં તાપી નદીનો રીકોનિસન્સ સર્વે અને ટોપોગ્રાફી સર્વેની સાથે બેઝ ડેટા કલેકશન એન્ડ એનાલીસીસ, હાઈડ્રોલોજી તેમજ હાઈડ્રોલીક એનાલીસીસ પણ કરવામાં આવશે. ઉપરાંત તાપી નદીના ઉપરવાસના વિસ્તાર, સબ બેઝીન સ્ટડી, મીઠા પાણીનું સરોવર તેમજ ચેનલ રૂટીંગની વિગતો પણ મેળવવામાં આવશે. જયારે અમેરીકાના યુએસ કોર્પ્સના ઈજનેરો તેમજ અમેરીકાના હાઈવે વિભાગ દ્વારા તાપી નદીમાં સામાન્ય સ્થિતિમાં તેમજ ડેમબ્રેકની સ્થિતિમાં પાણીની સપાટીનો મેથેમેટીકલ મોડેલ સ્ટડી કરવામાં આવશે.

આ ઉપરાંત રીવર ફ્રન્ટ યોજના માટે કન્સલ્ટન્ટ કંપની દ્વારા જે દરખાસ્ત રજુ કરવામાં આવી છે તેમાં એક હાઈ-લેવલ રીવ્યુ કમિટિ તેમજ એક વર્કીંગ કમિટિ બનાવવાની માંગણીનો પણ સમાવેશ

(સાંધણ પાના પાંચ પર)

## લગભગ ૧૮૦૦ કરોડની મહત્વકાંક્ષી યોજના સાકાર થતા વર્ષો નીકળી જશે પરંતુ આયોજન પાર ઉતરશે તો સુરતની 'સુરત' બદલાઈ જશે

### રૂંઢથી સરથાણા સુધી (સાંધણ પાના છેલ્લાનું)

કરવામાં આવ્યો છે. હાઈ લેવલ રીવ્યુ કમિટિ રાજકીય પક્ષોના આગેવાનો, ઉચ્ચ અધિકારીઓ તેમજ અગ્રણી નાગરિકોની બનાવવાની રહેશે. જયારે વર્કીંગ કમિટિ નિયત સમયે કામગીરીનું નિરીક્ષણ કરશે.

તાપી રીવર ફ્રન્ટ યોજનામાં જે અન્ય પ્રોજેકટોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં રીવર ડ્રાઈવ રોડ તેમજ ડુમસ ખાતે બહુહેતુક બલુન ડેમ સાથેનો બેરેજ પણ બનાવવામાં આવશે. બેરેજ બનાવવાને કારણે હાલમાં જે વિયર કમ કોઝવેના ઉપરવાસમાં મીઠાપાણીના સરોવર છે તેમાં ૧૦ કિલોમીટરનો વધારો કરી આપશે. રીવર ફ્રન્ટ યોજનાને કારણે તાપી નદીમાં ૧૬થી ૧૭ હજાર ટીસીએમ (થાઉઝન્ડ ક્યુબિક મીટર્સ) પાણીનો સંગ્રહ કરી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મહત્વાકાંક્ષી તાપી રીવર ફ્રન્ટ યોજનાને સાકાર કરવા માટે મહાપાલિકાએ તાપી નદીના બંને તરફના તટમાં ઉભા થયેલા ઝુંપડાઓને પણ ખસેડવાની જરૂર પડશે. આ માટે પાલિકાએ ઝુંપડાઓને સ્થળાંતક કરાવવા પેકેજ બનાવવાની સાથે તેને માટે પણ સર્વે કરવાની કામગીરી હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

2006-06-14

# મહત્વાકાંક્ષી રીવરફ્રન્ટનું પ્રથમ પ્રેઝન્ટેશન યોજાયું

સંદેશ 14/6/2006

**■ ૧૭૨૮ કરોડના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું સીડબલ્યુપીઆરએસ દ્વારા નિદર્શન કરાયું**

(પ્રતિનિધિ)
સુરત, તા. ૧૩

સુરત મહાનગરપાલિકા માટે સૌથી મોટા અને પ્રતિષ્ઠિત એવા તાપી નદી રીવર ફ્રન્ટ યોજના શક્ય હોવાનો રીપોર્ટ સેન્ટ્રલ વોટર એન્ડ પાવર રીસર્ચ સ્ટેશન દ્વારા રજૂ કરાયેલા પ્રેઝન્ટેશનમાં જણાવાયું હતું. અંદાજે રૂા. ૧૭૨૮ કરોડનાં જંગી ખર્ચે બનનારા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટનું પ્રથમ પ્રેઝન્ટેશન આજે યોજાયું હતું. જેમાં તાપી નદીમાં આવતા પુર સહિતની વિવિધ તમામ પ્રકારની શક્યતાઓ-જોખમોનો પુરતો અભ્યાસ કરવામાં આવ્યો હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે.

આજે મેયર ડૉ. કનુભાઈ [illegible] તેમજ મ્યુનિ. કમિ. પંકજકુમાર જોષી સહિતના પદાધિકારીઓ સમક્ષ સી.ડબલ્યુ.પી.આર.એસ.ના ચીફ રીસર્ચ ઓફિસર દેશમુખ દ્વારા પ્રથમ તબક્કાનું ઓડિયો-વિડિયો પ્રેઝન્ટેશન યોજવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને ઉકાઈ બંધના ઉપરવાસમાં વરસાદના ડેટા, ઉકાઈ બંધથી ડાઉનફ્લોમાં સુરત શહેર સુધીના વિસ્તારમાં પડતા વરસાદના ડેટા, ભૂતકાળમાં જેટલી પણ વખત પુર આવ્યા છે અથવા મહત્તમ રીતે પુરની પરિસ્થિતિ પેદા થઈ હોય તેની વિગતો કઠોરબ્રિજથી ડુમસ-હજીરા સુધીના વિસ્તારમાં અગત્યના તમામ સ્થળોએ પાણીનું લેવલ કેટલું હતું, કેટલું છે તેની અસરોને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે. આ ઉપરાંત જો મહાનગરપાલિકા દ્વારા રીવર ફ્રન્ટ યોજનાને સાકારીત કરવામાં આવે તો તેને લઈને વિયર કમ કોઝવે, કઠોર બ્રિજ, સરદારપુલ, મગદલ્લા બ્રિજ સહિતના વિસ્તારોમાં પુરના સમયે પાણીની સપાટીમાં કેટલો વધારો થઈ શકે તે પછી તેનો વિચાર પણ કરવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને ૧૯૯૮માં તાપી નદીમાં ૬.૭૩ લાખ ક્યુસેકના પુરની સામે ૧૦ લાખ ક્યુસેકનું પુર આવ્યું હતું તે સમયે મગદલ્લા બ્રિજ પર ૧.૨ મીટર, નહેરુ બ્રિજ પર ૯.૫ મીટર, વરીયાવ ખાતે ૨.૪ મીટર, ભાઠા ઓ.એન.જી.સી. ખાતે ૨.૦૦ મીટર, સીંગણપોર વિયર ખાતે ૧.૭ મીટર, કઠોર બ્રિજ ખાતે ૩ મીટર સપાટી રહી હતી. જો રીવર ફ્રન્ટ યોજના સાકાર થાય તો આ સંજોગોમાં અંદાજીત ૧.૬થી ૦.૫ મીટર જેટલું લેવલ તેમજ ૧.૨ મીટરથી ૦.૫ મીટર જેટલું લેવલ તેમજ ૦.૫ થી ૦.૧ મીટર લેવલ જો ડિસ્ચાર્જ ૧૦ લાખ ક્યુસેક ૬.૭૩ લાખ ક્યુસેક તથા ૩ લાખ ક્યુસેકને અનુલક્ષીને વર્તમાન પરિસ્થિતિમાં વધારે થવાની સંભાવના વ્યક્ત કરી છે.

સુરત મહાનગરપાલિકાના આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માટે પાલિકા અને સુડાના સંયુક્ત ઉપક્રમે એચ.સી.પી.ડી.પી.એમ. અમદાવાદને રૂા. ૧.૮૦ કરોડના ખર્ચે તાપી નદીના બંને કાંઠે રસ્તા, રહેઠાણના આવાસો, વાણિજ્ય હેતુસરનો વિકાસ, આનંદ-પ્રમોદ મનોરંજન માટે વિવિધ આયોજનો તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. જ્યારે યોજના માટે પાયાની કામગીરી સીડબ્લ્યુપીઆરએસ પુનાને સોંપવામાં આવી હતી. જેમાં રૂા. ૧૮ લાખનો ખર્ચ છે. તેમણે ત્રણ તબક્કાનું આયોજન વિચાર્યું છે. બીજા તબક્કામાં રીવર ફ્રન્ટની બંને તરફના વિકાસની કામગીરી છે. જ્યારે ત્રીજા તબક્કામાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજની કામગીરી છે. આજના પ્રેઝન્ટેશનમાં ડૉ. એમ.ડી. દેસાઈ, સુડાના એડવાઈઝર અને પાલિકાના નિવૃત્ત સીટી ઈજનેર પી.સી.શાહ સહિત પાલિકાના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# તાપી પરના રૂા. ૧૦૦ કરોડના બેરેજ પ્રોજેક્ટને લીલી ઝંડી

સુરત,તા.૧૩

દિલ્હીની સીડબલ્યુપીઆરએસ દ્વારા આજે કોર્પોરેશનમાં તાપી નદીમાં ઉમરાથી ભાઠા કિનારા વચ્ચે બનનારા અંદાજે રૂા. ૧૦૦ કરોડના બેરેજ પ્રોજેક્ટને પણ લીલી ઝંડી આપી હતી.

કોર્પોરેશન દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોથી પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે તાપી નદી પર મગદલ્લાથી ૨ કિ.મી. અપસ્ટ્રીમમાં રબર ડેમ બનાવવા માટે વિચારાય રહ્યું હતું. અંદાજે રૂા. ૧૦૦ કરોડનાઆ પ્રોજેક્ટને ત્રણેક વખત કોર્પોરેશનના બજેટમાં પણ સમાવાયો છે. પરંતુ ત્યારબાદ તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ બનાવવા અંગેની કવાયત શરૂ થતા આ રબર ડેમ શક્ય છે કે નહિ તે માટે દિલ્હીની સીડબલ્યુપીઆરએસને અભિપ્રાય આપવા જણાવાયું હતું.

આજે સીડબલ્યુપીઆરએસ દ્વારા આ રબર ડેમ પ્રોજેક્ટ કરવા અંગે લીલી ઝંડી આપી હતી. મળતી વિગતો અનુસારે મગદલ્લાથી બે કિ.મી. અપસ્ટ્રીમમાં તાપી નદી પર ઉમરા અને ભાઠા કિનારા વચ્ચે બનનારા આ રબરડેમને કારણે ૧૦ કિ.મી. જેટલું મીઠા પાણીનું સરોવર બનશે. જેમાં ૧૬૦૦૦ ટી.સી.એમ. જેટલા જથ્થામાં પાણીનો સંગ્રહ થઇ શકશે જે હાલની વિયરની કેપેસીટી કરતા અડધા જેટલી હશે.

# સુરત મહાનગરપાલિકા

## હાઈડ્રોલિક વિભાગ

**બી.આઈ.દલાલ,**
હાઈડ્રોલિક ઈજનેર,
હાઈડ્રોલિક વિભાગ,
મુગલીસરા, સુરત–૩૯૫ ૦૦૩.

ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫ / ૨૪૨૨૧૧૦
ફોન : (ઓ) ૨૪૨૩૭૫૦–૫૬
એક્ષ. : ૨૧૩

એચઈડી/આઉટ/નં. ૧૩૬૨
તારીખઃ– ૧૨–૦૭–૨૦૦૬.

પ્રતિ,
ડો.એમ.ડી.દેસાઈ.
કન્સલ્ટીંગ એન્જીનીયર,
બી–૦૦૪, હેરીટેજ એપાર્ટમેન્ટ,
સર્જન સોસાયટી પાછળ,
પાર્લે પોઈન્ટ,
સુ ર ત.

***<u>વિષય</u>*** :– સુરત ખાતે તાપી નદીના સિંગણપોર વિયરના ઉપરવાસમાં ૨૧ કિ.મી. થી ૩૦ કિ.મી. વિસ્તારમાં રેતીની ખનન પ્રવૃતિ કરવા દેવા બાબત.

***<u>અનં.</u>*** :– સંશોધન અધિકારી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ સુરતનો પત્ર નં.જા.નં.દ.ગુ.સં.વિ./પીબી–૨/૧૦૫૯/૨૦૦૬, તા.૧૭/૦૬/૨૦૦૬

ઉપરોકત વિષય અન્વયે સંશોધન અધિકારી, દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ, સુરતનો તા.૧૭/૦૬/૨૦૦૬ નો પત્ર આ સાથે સામેલ છે. જે અંગેના મુદ્દા અન્વયેનો જરૂરી અભિપ્રાય/વિગતો આપવા વિનંતી.

આભાર સહ,

હાઈડ્રોલિક ઈજનેર,
સુરત મહાનગરપાલિકા.

બિડાણ :- ઉપર મુજબ

ISO 9001 - 2000

**OFFICE OF THE RESEARCH OFFICER**
**SOUTH GUJARAT RESEARCH DIVISION SURAT**
Block C-4, M.S.Building, Nanpura, SURAT. Phone : 0261- 2472450

Gujarat Engineering Research Institute, Vadodara
(Narmada Water Resources & Water Supply & Kalpsar Department)
**Government of Gujarat**

જા.નં.દ.ગુ.સં.વિ./પીબી–૨/૧૦૫૯/૨૦૦૬ તા. ૧૭/૬/૨૦૦૬

પ્રતિ
હાઈડ્રોલિક ઈજનેરશ્રી,
સુરત મહાનગર પાલિકા,
સુરત

વિષયઃ–સુરત ખાતે તાપી નદીના સીંગણપોર વિયરના ઉપરવાસમાં ૨૧ કિ.મી. થી ૩૦ કિ.મી.વિસ્તારમાં રેતીની ખનન પ્રવૃતિ કરવા દેવા બાબત

અનુ.:– (૧) ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરશ્રીના પત્ર નં.સીજીએમ/લીઝ/તાપી/ગેરી/૨૧૮૫ તા.૫/૬/૨૦૦૬
(૨) તા.૧૫/૬/૨૦૦૬ ના રોજ અગ્ર સચિવશ્રી, ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈનીંગ ડિપોર્ટમેન્ટ, ગાંધીનગરની ચેમ્બરમાં તાપી નદીના કિ.મી.૨૧/૦ થી ૩૦/૦ વચ્ચેના રેતીના ખાણકામ બાબતની મીટીંગ

અનુસંધાનના પત્ર મુજબ તા.૧૫/૬/૨૦૦૬ ના રોજ ગાંધીનગર ખાતે અગ્ર સચિવશ્રી, ઉધોગ અને ખનીજ ખાતાના અધ્યક્ષપદે તાપી નદીના કિ.મી.૨૧/૦ થી ૩૦/૦ વચ્ચે (કઠોર બ્રીજથી ઉપરવાસમાં) રેતીની ખનન પ્રવૃતિ માટે લીઝ આપવા દેવા અંગે એક બેઠક યોજાઈ હતી. જેમાં આપશ્રી પણ ઉપસ્થિત હતા. જેમાં ચર્ચા થયા મુજબ ખનન પ્રવૃત્તિ બાબતે સ્પષ્ટ તાંત્રિક અભિપ્રાય આપવાનો થાય છે. મુખ્ય ઈજનેરશ્રી અને નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા તરફથી મળેલ સૂચના અન્વયે તાપી નદીના કિ.મી. ૨૧/૦થી ૩૦/૦ ( કઠોરબ્રીજથી ઉપરવાસ તરફ ) રેતી માટે ખનન પ્રવૃત્તિ કરવા દેવા માટે નીચેના મુદ્દાઓ બાબતે આપે કોઈ રજુઆત કરવાની હોય તો તે દિન–૭ માં કરવા વિનંતી છે.આપશ્રી તરફથી ઉપરોકત સમય મર્યાદામાં કોઈરજુઆત ન મળશે તો આ બાબતે આપશ્રીએ કોઈ રજુઆત કરવાની રહેતી નથી તેમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે જે વિદિત થાય.

(૧) આપશ્રી પાસે આ બાબતને લગતી કોઈ તકનીકી અભિપ્રાય / અહેવાલ હોય તો તેની નકલ અત્રેની કચેરીને મોકલી આપવી કે જેથી તે મુદ્દાઓને પણ લક્ષ્યમાં લઈ શકાય.
(૨) આ મુદ્દા પર આપની છણાવટ
(૩) તાપી નદીના કિ.મી.૨૧/૦ (કઠોરબ્રીજથી ઉપરવાસ) થી ૩૦/૦ વચ્ચે રેતીની લીઝ–ખનન પ્રવૃત્તિ બાબતે આપશ્રી કોઈ રજુઆત કરવા માંગતા હોય તો તે કારણ સહિત જણાવવી.

ED / IN -1950
ATE : 20-6-06

સંશોધન અધિકારી
દક્ષિણ ગુજરાત સંશોધન વિભાગ
સુરત

નકલ સાદર રવાના પ્રતિ, મુખ્ય ઈજનેરશ્રી અને નિયામકશ્રીના અંગત સચિવશ્રી ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા તરફ જાણ સારુ તેમજ આ પત્ર મુખ્ય ઈજનેરશ્રી તથા નિયામકશ્રીના ધ્યાને લાવવા વિનંતી.

નકલ સાદર રવાના પ્રતિ, સંયુકત નિયામકશ્રી (સિંચાઈ), ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા તરફ જાણ સારુ.

નકલ રવાના પ્રતિ, મદદનીશ સંશોધન અધિકારીશ્રી, માટી (માત્ર) પેટા વિભાગ, સુરત તરફ જાણ તેમજ જરુરી કાર્યવાહી સારુ.

D:\PB-2 (Tapi River).doc

DE(C)
Pl. report imm.
20/06.
Jadeja
21/06
Rcd on 26/6/06

## MINING SAND FROM RIVER BY LEASE HOLDER

### 1.0 Introduction:

River sand was obtained by suppliers of building materials since decades. Up to 1973-75, river Tapti carried sediments 60 to 90000 PPM during floods. These sediments formed soals, islands of sand over original river bed. As river was not flowing after Nov., such islands / soals were dug up to obtain construction material. Occasionally one meter deep sand, below meter deep tidal water, was excavated by divers by basket. Such activity did not disturb the original bed material of river (generally below RL (-) 2 to 0.0, 10 to 15 m thick) deposited in fault flood plane of river over past thousand's of year. The delta of river in Surat and around has wide river channel meandering in S shape over wide flood plane of around 3 to 5 km or so. The original sand bed has been an active source of natural water recharging soil, wells and ponds on coastal belts. This strata, during flood, charges ground water sources up to RL (+) 10 m or so around. The system, over years has led to geological, ecological equilibrium river regime within flood plane.

### 2.0 Definitions:

For the purpose of lease for mining of sand in river, there are hardly any detailed definitions / specifications of technical and legal aspects. The lease holders, by their actions, claim exclusive rights of mining all materials, silt, sand, soil in area allotted, to any depth, dredged or dug by any technology. He has mined banks, acquired by government for flood protection palas – above tidal level. Ignoring even others safety, the jet wash dredging technology for mining, used stored drinking water of SMC probably without any permission or price, for sand mine, related activities – making bund, approaches, pala, temporary roads, dumping soil (not required) in river at any place making hundreds of "Tekaries" at places of his choice. He almost bridged river near Gaypagala stopping normal inflow of water to reservoir and threatened SMC by legal actions. This means lease holder can play with only source of drinking water to city & industry of Surat and Gov. may become helpless awaiting legal strictures.

Leaser has no knowledge nor liability to owner or public for his activities and related indirect impact on the social – economical aspects safety of structures in river (weir, bridges) and on banks such as flood protection pala, regulators, villages, aquafer of banks, quality of irrigation & drinking water etc. Prima-facie undefined lease of mining of sand in river can lead to disastrous impact on ecological, hydrological (flood) regime, ground water and quality of drinking / industrial water for city of Surat & Hazira. Open mines for coal & minerals have strict safety requirements for surroundings. Here the depth of mining is undefined. Extent of safe width and safe technology for mining in drinking water reservoir have never been defined. The exercise of the controls, by one powerless non technical staff for district, is impossible even if prescribed. The socio-political and required extent and type of patrolling in selfish - corrupt society, needs to be

assessed. The lease policy itself in terms of economics, long term social security and disastrous side effects needs to be reviewed by Government for state as a whole. Expenses incurred by public bodies – SMC, other Government services like disaster-management & flood damages compensation over years are national loss of assets and must form part of cost / benefit ratio of project of leasing.

**3.0 Case Studies:**

Mining underwater is skilled technical job requiring a design and safety inspection by competent authority equipped with modern technology tools. The case studies, by preliminary analysis by social activist, have proved impact of deep mining under water by using hydraulic pumping beyond doubt. The qualitative & quantitative detailed study can be initiated by Gov. R& D department to evolve socio-economical safe policy for granting lease for mining.

**3.1 Damages to Hydraulics of Rivers:**

The bed levels of river slope have been totally disturbed. Fig. 1 shows reduced negative slope of Tapti. The average bed slope (S) 1/1500 has been reduced to almost 1/6 in 30 km section u/s of Singanpore weir. The bed material and its smoothness, coefficient has been changed from sand to silt & fine clay deposits after mining. The effect is obviously higher flood level (afflux) to keep continuity in flow of river. This impact is reflected by recent GOG, decision to raise flood palas to RL 16.0 m from present RL 14.0 m.

**3.2 Damaged Intake Water Works:**

The mud dumps by miners have changed flow from water intake structures (SMC). It has also created large silt & fine clay deposits by miners disposal of top clay cover. Scour and silting have destabilized and reduced efficiency of intake wells of SMC at Sarthana, Katargam etc. The quality of water, of course, was spoiled by dredging operations of lease holders using same reservoir jet to wash bore and sand & leave sediment in reservoir. It took years to realize that problems are caused by sand mining, quantitative studies are not available.

**3.3** The Gaypagala and hundreds of silt bunds in river created by dumps of the top clay silt layer over mine sand have been partly responsible for growth of hyacinth, increased bacteria and reduced flow of water available inspite of release from Ukai. Story of Gaypagala and problems of district administration SMC and Court are well known to city. Prima-facie lease holder's action may lead to crisis of drinking water in quality & quantity is undisputed. Extent ofcourse cannot be defined.

**3.4 Damage to regime of River:**

The changed flow, turbulence and piping action created by hydraulic technology for mining have resulted in,

1) Widening of river to 1½ to 2 times normal width,
2) Flow of sand bed below banks near Bharimata, Rander - Ashram Zone, etc. Such movements endangered city from floods. The restoring of the banks and safety now undertaken will cost in crores to SMC and Government.
3) Movements of type (2) with slip-circle arc failure of banks, have brought disaster to stone walls near LIC Building. The river bank upto 14 m height with slope (2:1 to 3:1) was stable till its toe was mined and height of bank be increased to 16 to 20 m.
4) The erosion of banks and channel endangered the weir Singanpore due to mining almost 2 km away from weir. The preparation of mining creates piping condition and flow of sand from surrounding long distances. The emergency repair of pockets u/s of weir spending crores amounts to SMC placing stones & fabric in pits dug by sand mine lease holders. The cost of repairs exceeded cost of sand mined and

hence even slightest probability do not justify mining if long term overall state & national view is taken.

5) Very unfortunate is mining lease holders or leaser do not keep any record of extent, type and time of mining. This makes analysis of cost, benefits and damages, if any, impossible.

**4.0 Economics:**

The river bed sand mining is permitted with a view to collect revenue by state. I don't think non availability sand should be looked up as essential commodity for development. This is based on information that there is no obligation of miner to supply sand at specified price.

Then project must be viewed from angle of economics. The income of project must be assessed to evaluate benefit – Social, Economical, Environmental, Ecological aspects. The cost involve in long term problems directly or indirectly by mining activity namely disaster management, raising of flood palas, flood damages to banks & structures, increased cost of treatment to river regime, water for drinking by 3 million, etc. As explained earlier cost of public, private & corporate bodies due to after effects of activity like uncontrolled mining using water from drinking water source even a part, would pending R & D, suggest pennywise found foolish situation.

**5.0 R & D related to Mining:**

The technical problems involved by leasing river bed for uncontrolled mining, its economic overall benefit to society and risk involved for river 10 km long is duty and responsibility of the Government who is granting lease. They have like, structural designers, in case of earthquake proof design legal responsibility to certify that permitted mining will not create damage to river regime, structures in & on banks in the area, involve long term safety of banks by erosion / afflux and contaminate water used for drinking purpose.

The mining will have to specify location, depth, technique of mining top soil, placing it, etc. It must prohibit use of reservoir water for water supply for mining (washing of deep sand with salinity and fines) dumping of soil cover over sand to make service bunds and road dyke in river (changing regime and ecology-flow). The present office being incapable of field controlling special non-corrupt vigilance squards day & night may have to be created (Cost!)

The drafting legal, documents for public safety and compensation for damages will have to be assigned to experts.

26/07/2006 ?

To

1) Hydraulic engineer (Mr Dalal)
w.r.t his HED/0/1362 dt 12.7.2006 ?

(Ref: Dredging impact on WW sector of River Tapti Surat SMC sponsored report 30.4.2000 & interrim report 10th oct 1999)

2006-07-25

25/7/2006

# મનપાનાં મહત્ત્વાકાંક્ષી તાપી રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ સંદર્ભમાં આજે ગાંધીનગરમાં બેઠક

સુરત, મંગળવાર : મનપાના મહત્વાકાંક્ષી તાપી રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં રાજ્ય સરકાર ઉંડો રસ લઈ રહી છે. આ મામલે આવતી કાલે ગાંધીનગર ખાતે મંત્રી નરોત્તમ પટેલની અધ્યક્ષતામાં એક હાઈલેવલ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

## હાઈલેવલ મીટીંગનું નેતૃત્વ નરોત્તમ પટેલ કરશે: તથા કન્સલ્ટન્ટ્સ દ્વારા નિદર્શન પણ યોજાશે: મનપા, સૂડા તથા સરકારનાં સંયુકત પ્રયાસો અંગે વિચારણા

૨૦૦ કરોડના મેગા પ્રોજેકટમાં તાપી નદીની આખી 'રિવરબેન્ક' આવરી લેવામાં આવશે જેમાં પાળા યોજનાની જમીનનો પણ સમાવેશ કરી લેવાયો છે. પૂર સંરક્ષક પાળા યોજનાની જમીનો પર પાળાના બાંધકામની સાથો સાથ રિવરફ્રન્ટની કામગીરી અંગે આવતી કાલની બેઠકમાં ચર્ચા થશે.

આવતી કાલની બેઠકમાં અમદાવાદ રીફરફ્રન્ટ યોજનાની પ્રારંભિક કાર્યવાહી શરૂ કરનાર કન્સલ્ટન્ટ. હસમુખ સી. પટેલ (એચ.સી.પી. કન્સલ્ટન્સી) તેમજ સી.ડબલ્યુ.પી.આર.એસ. દ્વારા પ્રેઝન્ટેશનો પણ રાખવામાં આવ્યાં છે.

આ મહત્વની બેઠકમાં અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટને જ મોડેલ તરીકે રાખીને તાપી રીવરફ્રન્ટની કાર્યવાહી કરવી કે કેમ એની ચર્ચા પણ થશે.

અમદાવાદ ખાતે મનપા, ઔડા તથા રાજ્ય સરકારના સહયોગથી આ કામગીરી આરંભાઈ છે.

તાપી માટે પણ સુરત મનપા, સુડા તથા રાજ્ય સરકારના સહિયારા પ્રયત્ન વડે કામ શરૂ કરવા અંગે ચર્ચા થનાર છે. જો કે, હવે સુડાનો મોટાભાગનો વિસ્તાર મનપામાં સમાવિષ્ટ થઈ જતાં સુડા તાપી રિવરફ્રન્ટમાં સહયોગ માટે તૈયાર થાય કે કેમ તે એક સૂચક પ્રશ્ન છે.

આજની હાઈલેવલ મીટીંગમાં સરકારના નાણાં વિભાગ, મહેસુલ વિભાગ, સિંચાઈ ઉપરાંત શહેર વિકાસ વિભાગને હાજર રહેવા જાણ કરી દેવામાં આવી છે. તદઉપરાંત સુરતના કલેકટર, સુડાના સીઈઓ મહેન્દ્ર પટેલ, સુરત મનપાના કમિશનર સહિત મેયર, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન સહિત ડીઓપી જીવણ પટેલ, સીટી ઈજનેર બી.એમ. દેસાઈ, હાઈડ્રોલિક ઈજનેર ભરત દલાલ સહિતની આખી ફોજ હાજર રહેનાર છે.

જોવાનું એ રહે છે કે અ'વાદ રીવરફ્રન્ટની જેવી જ કામગીરીનો નિર્ણય કરવામાં આવે છે કે પછી સુરત માટે કાંઈક જુદી વિચારણા હાથ ધરાય છે.